શ્રી.

# સદુપદેશક રત્નમાળા.

સાત્વીક લોકોને

વૈરાગ્ય-જ્ઞાન-અને ભક્તિ ઉપજાવવાને સારૂ

જૂદા જૂદા રાગનાં એકસોને આઠ પદ.

લખીને પ્રસીદ્ધ કરનાર,

અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ.

નાગરવાડા— પાટણ.

શ્રી.

# સદુપદેશક રત્નમાળા.

સાત્વીક લોકોને

વૈરાગ્ય—જ્ઞાન—અને ભક્તિ ઉપજાવવાને સારૂ

જૂદા જૂદા રાગનાં એકસોને આઠ પદ.

લખીને પ્રસીદ્ધ કરનાર,

અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ.

નાગરવાડો—પાટણ.

સંવત ૧૯૪૯ ના પ્રથમ આષાઢ.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

કીંમત ચાર આના.

# આંકળિયું.

૫૪૨૪

# સદુપદેશક રત્નમાળા.

### મંગલાચરણ–અનુષ્ટુપ.

શ્રીનિવાસાર્યને વંદુ, વંદુ શ્રી યતિરાજને;
શ્રી શ્રીપતિ પદે વંદુ, વંદુ સ્વામી સમાજને. ૧

### પદ ૧. લાવણી.

“ધુર્જટી માગું સહાય તેરી” એ રાગ.

જોઇને જીવ જગતનો ખેલ, મોહ મમતા સહુ મનની મેલ.
કયાંનો તું કયાંનાં બધાં, થયાં એકઠાં હાલ;
એક એકે સહુ વેરાશે, ખાશે સહુને કાળ.
[illegible]ઇ પાછળ કોઇ જાશે પ્હેલ. મોહ મમતા. ૧
મનસુબા મનમાં રહે, પડયા રહે સહુ ઠાઠ; જેમ ગયાં બીજાં બહુ મેલી,
એજ આપણી વાટ; ઘાટ એ છેજ ઘડી રાખેલ. મોહ મમતા. ૨
આ તનમાં પણ જીવની, બહુ હાલત બદલાય; આજ કુટંબી કાલ એકલો,
ધનિક ભીખારી થાય; રાંક થઈ જાતાં ધને છકેલ. મોહ મમતા. ૩
તન કુટંબની વેઠમાં, જીવન પુરૂં થાય; મરવા વખતે થાય વિમાસણ,
હાથ ન હોય ઉપાય; ખમે દુઃખ પુંઠે અઘે ફસેલ. મોહ મમતા. ૪
નશ્વરપર મમતા કશી? ક્ષણિકનું શું કષ્ટ; સુખદુખ એકે નવ રહેતું નિત,
જોઇ સરવનું સ્પષ્ટ, હવે તે, તૃષ્ણાને સંકેલ. મોહ મમતા. ૫
જેણે મમતાને તજી, સેવ્યા લક્ષ્મીનાથ; સુખદુખ સહી લીધાં સંતોષે,
તે પાંમ્યા અનુતાત. મરણ થઇ ગયું તેમને રહેલ. મોહ મમતા. ૬

## પદ ૨.

"ગીરધારીરે" એ ગરબીનો રાગ.

મરવુંછે રે, એ નવ ભૂલી જાવું, શરણું શ્રીવરનું રહાવું. ટેક.
આ શરીર બાળી દેશેરે, અહીંનું સહુ અહીંજ રહેશેરે,
નહીં અન્ય કોઇ સુધ લેશેરે, તે ટાણેરે પડે નહીં મુંઝાવું. શરણું. ૧
ન પ્રમાણ વડા નાનાનુંરે, નક્કી ન રોગી સાજાનુંરે;
આવતું અચાનક છાનુંરે, તે માટેરે, જલદી સજ થઇ જાવું. શરણું. ૨
જન નિત્ય જાયછે ચાલ્યાંરે, બહુ ગયાં આપણાં વ્હાલાંરે;
જેમણે વૃથા વય ગાળ્યાંરે, તે સહુનેરે, પડયું હશે પસ્તાવું. શરણું. ૩
સહુ સ્મશાન જ્ઞાની થાતાંરે, પણ ક્ષણમાં ભૂલી જાતાંરે;
એ મુરખમાં લેખાતાંરે, નવ એવાંરે, કદી આપણે થાવું. શરણું. ૪
મરવાથી જે જન ડરતારે, તે એ ભય વધનો કરતારે;
શાંદ ઉપાય નથી આચરતારે, ભકિતથીરે નહીં પડે ઘભરાવું. શરણું. ૫
મરવા માટે સજ રહેવુંરે, જગ ક્ષણીક સમજી લેવુંરે;
પ્રભુભજન ભણી મન દેવુંરે, અનુ સાચુંરે, જગમાં એજ કમાવું. શરણું. ૬

## પદ ૩. ગરબી.

"સમજી ગઇછુંરે વાલીડા તારી સાનમાં." એ રાગ.

હાલ ઘુમેછે પણ પસ્તાવો અંતસમે થશેરે, જો નહિં ચેતશેરે હાલ. ટેક.
કયાંથી આવ્યો ને શા માટે, ક્યાં જાવું છે ને કહી વાટે;
એનો કદી વિચારે નહીં કર્યો હશેરે. હાલ. ૧
હાલ ગમે તેમ માની લે તું, એવું મન અંતે નથી રહેવું;
થરથરીશ જવ મૃત્યુને તું દેખશેરે, હાલ. ૨

જતુંજ પડશે જાણીશ જ્યારે, અનેક તર્ક ઊઠશે ત્યારે;
કષ્ટ થશે તે હાલ નહીં મનમાં વસેરે. હાલ. ૩
ભવિષ્યના ઊર વિચાર થાશે, એ દૂખ કેમે નહીં સહેવાશે;
ઉપાય એકે ત્યારે હાથ નહીં હશેરે. હાલ. ૪
અનંતનું માનીને વ્હાલા, ભજ શ્રી ગોવીંદાગોપાલા;
કાલાવાલા કર્યા નહીં ઠાલા જશે રે. હાલ. ૫

## પદ ૪ ગરબી.

ઉપર પ્રમાણે રાગની.

જગમાં મોહ્યા તે સહુ રોયા અંતે જાણવુંરે, એવા ના થવું રે. જગમાં. ટેક.
જુવે બીજાંનું તોપણ ભૂલે, હાલ ભલે એ મદથી ફૂલે;
એને કાજે નહીં થાય કશુંએ નવું રે. જગમાં મોહ્યા તે. ૧
ભેળું કરે ભલે અહીં આજે, અંતે છે એ બીજાં કાજે;
એની દાઝે કશું નથી સાથે થવું રે. જગમાં. ૨
મારૂં મારૂં કરતા ચાલ્યા, બાંધી કુટી ફુંકીબાળ્યા.
વ્હાળા તનના થયા પછી શું માણવું રે. જગમાં. ૩
આ સહુ તો કાંઈ કામ ન આવે, ત્યારે ત્યાં તું શાથી ફાવે;
એ માટે ઉપાય કરવા ઉર આણવું રે. જગમાં. ૪
નિત્યે આ વિચાર ઉર ધારી, ભજશે અનંતનાથ મુરારી;
તેજ જશે સુખમાંહે સત્ય પ્રમાણવું રે. જગમાં. ૫

## પદ. ૫

રાગ ઉપરની ગરબીનો.

ભાવ કભાવે પણ કર ભક્તિ એમાં સાર છે રે, સત્ય વિચાર છે રે. ટેક.
દુખ ટળવા સુખ મળવા સારૂ, પણ જો પ્રભુ સ્મરણ છે પ્યારૂં

તો અંતે એ ભવજળને તરનાર છે રે. ભાવ કભાવે પણ. ૧
સુખદુખ એ સહુને આપેછે, એજ ઊથાપે ને થાપે છે;
વિશ્વમાત્રનો એજ ખરો આધાર છે રે. ભાવ. ૨
અવગુણ તુજ ઝટ નવ ઉર ધારે, ગુણ થોડા પણ બહુ સંભારે;
ભકતવત્સળા કરૂણાનીધિ અપાર છે. ભાવ. ૩
આલોકે પરલોકે સઘળે, ભકિત વિના કહીં દીન ન વળે;
અનંત અનુભવમાં નવ ફેર લગાર છે રે. ભાવ. ૪

## પદ ૬.

### રાગ એજ.

જીવડા ધીર ધરીને ભજન કરે જા ભાવથી રે નર તન લ્હાવથીરે. ટેક.
દુખથી ડગમગીશ નહીં મનમાં, થશે જશે એતો ક્ષણ ક્ષણમાં;
પ્રભુભુવનમાં કષ્ટ કલેશ કશુ એ નથીરે. જીવડા ધીર ધરીને. ૧
શાખમાં શું કરવાને ખૂંચે, સંગ આવવાનું કહે શું છે;
નવ ભૂલીશ માયા પ્રપંચના દાવથી રે. જીવડા ધીર ધરીને. ૨
પ્રભુભજનમાં જે પળ કાઢી, તેજ આવશે અંતે આડી;
ચિત્ત લગાડી તેમાં તજ બીજી મતી રે. જીવડા ધીર ધરીને. ૩
સુખદુખમાં મન નહીં ખેંચાશે, તુજથી જો આ અર્થ સધાશે;
તો અંતે સ્હાશે કર અનંતના પતિરે, જીવડા ધીર ધરીને. ૪

## પદ ૭,

### રાગ એજ.

ખાલી જગની વાતો માંહે, વય નવ ગાળવુંરે; ચેતી ચાલવું રે. ટેક.
કામ પ્રસંગે રહેવું જનમાં, પણ પ્રભુસ્મરણ રાખવું મનમાં;
માર્ગ ચૂકે કે સત્વર પાછું વાળવુંરે. ખાલી જગની વાતો. ૧

લોકો બોલે તે સાંભળવું, વૃથા કુથલીમાં નવ ભળવું;
રળવું મનમાં પ્રભુભજનમાં મ્હાલવુંરે. ખાલી જગની. ૨
નવરાશમાં કુતર્ક ન કરવા, મુખથી મનથી હરી સમરવા;
લીધું પણ તે બનતાં સુધી પાળવુંરે. ખાલી જગની. ૩
જગસુખ વધશે ને દુખ ઘટશે, લખ ચોરાશી ફેરા મટશે;
અનંત અંત લગી એવું સંભાળવુંરે. ખાલી જગની. ૪

## પદ ૮.

રાગ એજ.

રાતે રોજ વિચારો આજ કમાયા શું અહીંરે. સુતાં મન મહીંરે. ટેક.
ખાવાપીવા પ્રભુએ દીધું, તે સાટે મેં શું શું કીધું;
એ ખાતું સરભર કીધું છે કે નહીંરે. રાતે રોજ. ૧
પાપ રૂપ શું કરજ થયું છે, કોયું સાટે પુન્ય કર્યું છે;
પુન્ય પાપમાં વધેલ છે બાજુ કહીંરે. રાતે રોજ વિચારો. ૨
જે માટે આ જગ તન દીધું, તે માટે મેં શું શું કીધું;
વધુ ઘટુ કે સુધારવું શું તે મહીંરે રાતે રોજ વિચારો. ૩
માયાએ કેવા ભૂલાવ્યા, બુદ્ધિ જ્ઞાને કેવા ફાવ્યા;
કઇ સવળી ને અવળી રીતી છે રહીંરે. રાતે રોજ વિચારો. ૪
ભૂલ ચુકની માફી માગી, અનંતપતીને પાયે લાગી;
નિત્ય સુવે તે નિત્યે થશે સુખી સહીંરે. રાતે રોજ વિચારો. ૫

## પદ ૯.

"પ્રાણીયા ભજી લેને કીરતાર" એ રાગઃ—

ભાવે ભજમન સીતારામ, અંતે એજ આવશે કામ. ટેક.
જન મેળવતાં મથી મથીને, ધન સાધન ને ધામ;
એગને એમ મુકીને જાતાં, દીઠાં ઠામોઠામરે. ભાવે ભજ મન. ૧

શ્રી સંતાનનીજ સેવામાં, ગાળે આહું જામ;
અંતે અલગ થાય એ સરવે, ત્યારે હારે હામરે. ભાવે ભજ મન. ૨
મોહ ઘણો રાખે તન ઉપર, પાળે ખરચી દામ;
એ પણ છેક છોડીને જાવું, પડયાં રહે હાડ ચામરે. ભાવે ભજ મન. ૩
વગ વિદ્યા ઇજત ધન સત્તા, જગના ઠાઠ તમામ;
બધાજ અહીં રહેવાના અંતે, કોણુ ન સમજે આમરે. ભાવે ભજમન. ૪
પ્રભુ સૌ દે એ સમજે તોપણ, થાતા લુણહરામ;
અનંત ચેત હજીએ વખત છે, સેવ સદા સુખધામરે. ભાવે ભજ મન. ૫

## પદ. ૧૦

ઉપર પ્રમાણે રાગ.

શો તું જુવે જગતમાં સાર, લાંબો કેમ ન કરે વિચાર. ટેક.
ગાલ ગુલાબી જોઇ મોહે તવ, ઘરડાંને સંભાર;
જો જીવ્યો તો એજ હાલ છે, ભભકો તો દીન ચારરે. શો તું જુવે. ૧
શણુગારેલ હવેલી દેખી, મુવો બાપ સંભાર;
એની સાથ ગયું નથી તેમજ, તારૂં પણ તું ધારરે. શો તું જુવે. ૨
નારીમાં મન ખૂંચી રહે તવ, જો તું વિધવા નાર;
વહેલો મોડો પણ વિયોગ છે, ફરી નથી મળનાર. શો તું જુવે. ૩
કુટંબમાં ખૂંચે મન ત્યારે, આગગાડી સંભાર;
જૂદે જૂદે સ્થળથી સહુ આવ્યાં, વિવિધ સ્થળે જાનારરે. શો તું જુવે. ૪
તનનાં મનનાં જનનાં ધનનાં, દુખ છે પારાવાર;
સુખનાભાસ નીજ લાલચમાં, વૃથા જાય અવતાર. શો તું જુવે. ૫
સમજ અનુ જગની તૃષ્ણા તજ, ભજ શ્રીવર સુખકાર;
તન મન ધન એમાંજ રોકીને, ઊતરી જા ભવપારરે. શો તું જુવે. ૬

## પદ ૧૧.

રાગ એજ.

જગના મ્હોટા ખોટા માન, ભજન કરે તેજ ભાગ્યવાન. ટેક.
જગના મ્હોટા ચાર દીવસના, અંતે થતા હેરાન;
સુખ દુખ ક્ષણિક ખમી હરી જનતો, સદા થતાં શ્રીમાન. જગના મ્હોટા.૧
જગમાં બહુ ડાહ્યા ગણાય પણ, અંતે ભુલે ભાન;
એજ વખત હરીજનના ઉરમાં, પ્રકટે ઉત્તમ જ્ઞાનરે. જગના મ્હો. ૨
જગમાં મોજો કરે તેમને, મૃત્યુ થાય મ્હોકાણુ;
હરીની સેવા કરનારાંને, એથીજ મળે લ્હાંણુ રે. જગના૦ ૩
જગનાં ધનિક મુકી અહીં સઘળું, જાય મહા દુખ સ્થાન;
જગ છુટતાંજ હરીજનને તો, મળે અમુલ્ય વિમાનરે. જગના૦ ૪
જગના મહારાજાનો અંતે, જમ પકડે છે કાન;
ખરા હરીજનને લેવાને, આવે દેવ મહાનરે. જગના૦ ૫
મેળવતાં રાખતાં જતાં દુખ, મોટપ દુખજ સમાન;
અનુ સાચી મ્હોટાઇ જોઇએ તો, ભજીજ કર ભગવાનરે. જગના૦ ૬

## પદ ૧૨.

રાગ એજ.

જેવું રહેછે શ્મશાન જ્ઞાન, તેવું સદૈવ રાખો ભાન. ટેક.
જોતાં જોતાં જેમ જતા રહે, જોયા જેવા જવાન;
તેમ અચાનક જાવું પડશે, સદા રહો સાવધાનરે જેવું રહેછે. ૧
અલ્પ વખત સારૂ સોંપ્યાં છે, આ તન ધન સંતાન;
સૌને છુટાં પડવું છે એ, કદી ન ભૂલો ભાનરે. જેવું રહેછે. ૨
રહો જગમાં પણ ઉરમાં રાખો, એકજે અનુસંધાન;

નથી સદા અહીં રહેવું મ્હારે, જવું બીજે કોઇ સ્થાનરે. જેવું રહેછે. ૩
જવાબ લેનારો શીરે બેઠો, જબરો પ્રભુ જહાન્;
જતાંવંત એ હીસાબ લેશે, વાત રાખજો ધ્યાનરે. જેવું રહેછે. ૪
ચાર ઘડીનાં આ સુખ દુખમાં, શું બનવું ગુલતાન;
અનુ ઉદાસીન રહી જગતમાં, ભજ્યાંજ કર ભગવાનરે. જેવું રહેછે. ૫

## પદ ૧૩.

### રાગ એજ.

સાચું સમજ્યું તેજ ગણાય, જ્યારે વરતન તેવું થાય. ટેક.
સુંદર રસોઇ જાણે તેમાં, પેટ કદી ન ભરાય;
બાજરીનું પણ કરે ઢેબરૂં, ભૂખ તો ત્યારે જાયરે. સાચું. ૧
લાખ રૂપીઆ મુકી રાખે, દીન નવળે જરાય;
પાંચ પાઈ પણ ખરચે ત્યારે, પાન સોપારી ખાયરે. સાચું. ૨
અનેક ઔષધ જાણે એથી, રોગ ન મટે જરાય;
ઔષધ કરે અને કચરી પાળે, ત્યારે દુખતો જાયરે. સાચું. ૩
ઘણું ભણી ઘરમાં બેશી રહે, તે નહીં પાઇ કમાય;
કરે નોકરી બુદ્ધિ ખરચે, ત્યારે મસ પંકાયરે. સાચું. ૪
તેમ જ્ઞાન જાણે દીન ન વળે, ભજન કરે અઘજાય;
અનંત તેજ ખરા જ્ઞાની જે, નિશદીન હરી ગુણ ગાયરે. સાચું. ૫

## પદ ૧૪.

### રાગ એજ.

જેવું સમજ્યો છે મનમાંહ્ય, તેવું વર્તન રાખ્ય સદાય. ટેક.
જાણ્યું સાર નથી જગસુખમાં, પછી કેમ તે ચાહ્ય;

સમજ્યો તેજ ખરૂં સમજ્યો છે, ફરી ભૂલ કેમ ખાય રે. જેવું. ૧
પાપ કર્યાં તેથી દુઃખ દીઠાં, તોએ ન કેમ ધરાય;
મનને વાળ કુરસ્તે જાતાં, મળ્ય પ્રભુની સ્હાય. જેવું. ૨
ભજનમાંજ છે સાર પછી, કેમ પ્રભુને ભૂલી જાય;
ટેવ પાડય પ્રભુને ભજવાની, સમર્યાં કર જગરાય. જેવું. ૩
ધનસાધન તન સફળ તેજ જે, પ્રભુ અર્થે વપરાય;
સ્વાધીન છે ત્યાં સુધી કરી લે, જે કંઇ કરી સકાય. જેવું. ૪
અંત સરવની પ્રીત તુટશે, તેને શીદ અતી ચાહ્ય;
પ્રીત જોડ અનુપતીથી જેથી, સઘળા અર્થ સધાય. જેવું. ૫

## પદ ૧૫.

રાગ એજ.

જીવડા માનરે માન, હજીએ કેમ ન આવે સાન. ટેક.
ગફલ હોય તો શાસ્ત્ર સુણીને, હજીએ ઊડ્યા કાન;
ગર્ભ નર્કની અનેક આફત, લટકે શીરે મહાન રે. જીવડા માનરે ૧
ભૂલી જાય કે હાલ કદી તું, એ સૌ ખોટું માન;
વખત થયો કે કંઠ પકડશે, ત્યારે આવશે ભાન. જીવડા માન. ૨
ધણી નજર નથી પડતો તેથી, બની ગયો મસ્તાન;
તું અંધ છે પણ એ દેખે છે, વ્યાપ્યો સઘળે સ્થાન. જીવડા માન. ૩
નફો કર્યાના એન વખતમાં, કર્યા જાય નુકસાન;
સુખ ખરચીને દુઃખ વહોરે છે, છેક બની નાદાન. જીવડા માન. ૪
પુન્ય પૂર્વનાં ખાતાં હમણાં, સુઝે સહુ તોફાન;
એ ખરચી ખૂટી કે આગળ, વસમું છે મેદાન. જીવડા માન. ૫
ધણી ઠોકરો આંહી ખાય છે, નિત્યે થાય હેરાન;

તોપણ સમજી નવ સુધરે એ, વિનાશનુંજ નિશાન. જીવડા માન. ૬
અનુ હજી પણ ઉપાય કર તું, રાખ્દ બરાબર ધ્યાન;
તન મન ધનથી ખૂબ સેવી લે, રમાપતી ભગવાનરે. જીવડા માન. ૭

## પદ ૧૬.

"કૃષ્ણને કરવું હોય તેમ કરે" એ રાગ.

રાત દીન શું લલુતામાં ફરે, મોતનો ભય ન કેમ ઉર ધરે. ટેક.
પડવું પડશે પથારીમાં, નહીં પ્રાણ ક્યમે નીસરે;
કામ નહીં લાગે આ કંઇ પણ, એ પળ કેમ વિસરે. રાત દીન શું. ૧
જવુંજ પડશે માત્ર એકલાં, કોઇ સંગ નહીં કરે;
પુંઠે સંભારે કે ભૂલે, તારો અર્થ નહીં સરે. રાત દીન શું. ૨
ઓસડ માનતથી થાકી જવ, નીરાશ થઇ શજ ખરે;
ત્યારે કોણ દીલાસો દેશે, એ ન ફિકર કેમ કરે. રાત દીન. ૩
જમ આવીને કંઠ પકડશે, નહીં માને કરગરે;
રોતો રહીશ અને લઇ જાશે, એ પાછો નહીં ફરે. રાત દીન. ૪
ઉપાય એનો અતી સુગમ છે, તોએ ન ક્યમ આદરે;
ખૂબ ભજી લે અનંતપતીને, જેથી કષ્ટથી તરે રાત દીન. ૫

## પદ ૧૭.

રાગ એજ.

સભાગી સાચાં તેજ ગણાય, ભજનમાં જેનો દહાડો જાય. ટેક.
જગનાં સભાગીયાંનું ધન તો, દીન દીન ઓછું થાય;
બાકી રહે તે બધું અહીં મુકી, અંત એકલાં જાય. સભાગી. ૧
ભજન કરે તેની ખરચી તો, દીન દીન વધતી થાય;

અંત સંગ આવેને એથી, સુખો અપાર ચખાય. સભાગી. ૨
જગના વડા કુટંબીને તો, બહુ મળી ફોલી ખાય;
અનેક ચિંતા સદા બની રહે, અંત વિયોગ સદાય. સભાગી ૩
હરીજન કુટંબ હર્ષ વધારે, ભક્તિ વધુ કરાય:
અંતે પ્રભુને ઘેર એકઠાં, અનેક સુખો પમાય. સભાગી ૪
જેમ સોચો તેમ અહીંને ત્યાંનો, એવો ફરક જણાય;
માટે જગ કરતાં ભક્તિમાં, અનંત વધુ શોભાય. સભાગી. ૫

## પદ ૧૮.

"પ્રભુ તને પ્રસંન તે કેમ થાશે" એ રાગ.

જગનાં સુખ દુઃખથી શું મ્હોાવું, અંતે તો નક્કી ખોવું. જગનાં ટેક.
મહા સુખી કે મહા દુઃખી પણ, મરતાં બંને અંતે;
ધન કુટંબ સુખ વધતું તેને, વધુ રહે ભય ચંતે. જગનાં. ૧
આ ભવમાં પણ પળમાં પલટે, સુખ દુઃખ કર્મ પ્રમાણે;
વધુ ખૂચે તે વધુ પીડાતા, સમજુ મન નવ આણે. જગનાં. ૨
પ્રારબ્ધો ભોગવે છૂટકો, સમજી ચૂકયાં જ્યારે:
ભોગવતાં પાછું ગભરાવું, સમજ્યાં શાનું ત્યારે. જગનાં સુખ. ૩
સદા નથી રહેવું સુખ કે દુખ, થશે જશે ઘટમાળા;
ઓધબીજે દે પોતે ભૂલે, ન ભજે શ્રી ગોપાળા. જગનાં સુખ. ૪
દ્રઢ રાખો વિશ્વાસ પ્રભુનો, ભજ્યા કરો દીનરાતે;
અનંત એથી અંત તમારૂં, શ્રેય થશે સહુ વાતે. જગનાં સુખ. ૫

## પદ ૧૯.

રાગ ઉપરનો.

હજીએ ઊર સમજોરે ઊર સમજો, જગજનનો મોહ તજોરે. હજીએ. ટેક.

કંઈક ગયા જેમ બધું તજીને, તેમ તમે પણ જાશો;
આળસમાં આયુશ કાઢ્યું તો, અંતે ઘણી પસ્તાશો. હજીએ. ૧
દુ:ખ જાવાને મથ્યા કરો શીદ, એમ નથી દુખ જાવું,
ક્ષણિક સુખ પણ અંત ખૂટશે, છે અવળુંજ કમાવું. હજીએ. ૨
મુરખ ડાહ્યાં થાઓ ન સરખાં, ફરી ફરી જાઓ ન ભૂલી;
પ્રભુ ભજવા જાણો જીવતરની, પળ પ્રત્યેક અમુલી. હજીએ. ૩
શું જગસુખને રહો જંખતાં, દુખે રહો શું મુંઝાઇ;
એ એક બેશી નહીં રહેશે, સાચી કરી લ્યો કમાઇ. હજીએ. ૪
સમજ્યાં તે સાર્થક કરવાનો, સાચો અવસર આ છે;
અનંત તેજ ન અવળો ગાળો, પ્રભુ ભજો દીન રાતે. હજીએ. ૫

## પદ ૨૦.

રાગ એજ.

દુખડાં આવે છે નિજ પાપે, શ્રીવર તો દુખને કાપે; દુખડાં. ટેક.
ધન આવરદા શરીર તણાં સુખ, મળતાં પુન્ય પ્રમાણે;
પુન્ય પુરાં થાતાં તે જાતાં, સમજુ દુખ ન આણે. દુખડાં. ૧
નથી નિત્ય રહેવાનું તેને, નિત્ય કરીને માનો;
નિત્ય નથી તે નજ રહે નિત્યે, શોચ એ વિશે શાનો. દુખડાં. ૨
મરવું સૌને નક્કી ગણીએ, તોપણ ડર્યાંજ કરીએ;
મૃત્યુ એથી મટે નહીં પણ, દુખી હાથથી ઠરીએ. દુખડાં. ૩
હરી ન ભજ્યા તેથી દુખ આવ્યું, એમ માનીએ ચિત્તે;
તો પણ ધૈર્ય રાખી નવ ભજીએ, એ દુઃખ ક્યાંથી વીતે. દુખડાં.
ઓસડ ખાતાંવેંત શરીરના, મહારોગ નવ જાય;
ક્રમે ક્રમે અનુપતિ સ્મરણથી, દુખો જાય સુખ થાય. દુખડાં આવે છે. ૫

## પદ ૨૧.

રાગ એજ.

જગદુખ દેખીને નવ ડરશો, પ્રભુને નવ ક્ષણે વિસરશો. જગદુખ. ટેક.
કર્યાં હોય પૂર્વે મહા પાપો, તેનાં ફળો નડે છે;
પાપ વિના દુખ કદીન આવે, એ સમજુ સમજે છે. જગદુખ. ૧
કાંધાં મુજબ કરજ ચુકવવું, એમાં શીદ ગભરાવું;
જે વેઠવું તે ઓછું થાતુ, ફરી ન એ દુખ થાવું. જગદુખ. ૨
હરી ન ભજી કુકર્મ કરેલાં, તેનાં ફળ આ દેખી;
આગળ દુખ ન પડે તે માટે, હરી ભજે સુવિવેકી. જગદુખ. ૩
સમજુ જેમ દુખો વધુ દેખે, તેમ વધુ હરી ભજતા;
અણસમજુ હીમત, હારીને, વધુ શાંતીને તજતા. જગદુખ. ૪
વળગ્યાં રહો અનુપતીને ચરણે, તોજ ખરાં સુખ થાશે;
જગતો ચાર દિવસનું છે પણ, અંત ખરૂં સમજાશે. જગદુખ. ૫

## પદ ૨૨.

રાગ એજ.

જગમાં ગીઠા તો મોરારી, દીઠું બીજુ તો દુખકારી. જગમાં. ટેક.
પ્રથમ તપાસ્યું તન તો તેને, ભુખ તરશ નિત લાગે;
રોગ પીડે દુખ ટાઢ તાપનું, અંતે બળતું આગે. જગમાં. ૧
ધન દીઠું તે ધાર્યું ન મળે, મેળવતાં દુખ ભારે;
જાળવતાં દુખ જાતાં મહાદુખ, તૃપ્તી કદી ન લગારે. જગમાં ૨
કુટુંબજન સરવે સ્વારથીયાં, ફિકર સરવની ન્યારી;
વહેલાં મોડાં સૌને તજવાં, એ પીડા વળી ભારી. જગમાં. ૩

જગસુખ આશા આગ વિષય ઘી, તૃપ્તી ન થાય કેમે;
સાચાં સુખ શાન્તિ જોઇએ તો, ભજ અનુપતીને પ્રેમે. જગમાં. ૪

## પદ ૨૩.

રાગ એજ.

સાચા સ્વામી શ્રીવિશ્વપતી, બીજું કોઇ નથીજ નથીરે. સાચા. ટેક.
માત પીતા મરી જાય પ્રથમ કે, પ્રથમ એકલા જઇએ;
જીવતાં અશક્ત થાયને વળી, સદા સંગ નવ રહીએ. સાચા. ૧
સ્ત્રી પુત્રાદિક મીત્ર મુરબ્બી, સૌની એકજ રીતી;
સૌ સૌને રસ્તે જાનારાં, સ્થીર ન કોઇની પ્રીતી. સાચા. ૨
પાસે હોય બધાંએ તોપણ, વિપતી સમયે નકામાં;
દુઃખી થઇને દુઃખ વધારે, બેશી રહીને સામાં. સાચા ૩
તનમાં મનમાં જનમાં જ્યારે, અડચણ કંઇ પણ થાય;
સૌ અડચણ સૌ સમયે સઘળે, અનુપતીથીજ કપાય. સાચા. ૪

## પદ ૨૪.

"ગોવીંદજી પ્રાણ અમારો રે"

જોયું મેતો જગતની માંહીંરે, પ્રભુ વિના સાર ન ક્યાંહીં રે. ટેક.
હાડ માંસ ચામડે મઢ્યું રે, તન મળમૂત્ર સમેત;
વિવિધ દુઃખો દે અંતે તજવુ, એપર શું રહે હેત. જોયું મેતો. ૧
મહાન મહેનત પ્રથમ કરાવી, પછી મળે પકવાન;
સ્વાદ ક્ષણિકને અંતે વેષ્ટા, એમાં શુંઇઉથાન. જોયું. ૨
ભુષણ વસ્ત્ર મળે મહેનતથી, તપ્તી કદી નવ થાય;
ફોકટ ભભકો અંતે તજવો, એને ચિત કેમ ચાય. જોયું. ૩

ધન ધર સામન સંગ્રહ કરવો, અંતે બીજાંને માટ;.
માન કીર્તી ધુમાડાના બાચક્ક, ફૂંળ કેવળ ઉચ્ચાટ. જોયું. ૪
વધુ વૈભવ તેમ ઉચ્ચાટ વધતોં, વધતાં પાપો થાય;
બધુંજ દુ:ખદા અંતે દીઠું, એકે અનુ નહીં ચાલ્ય. જોયું. ૫

### પદ ૨૫.

રાગ ઉપરનો.

સાચા સ્નેહ કેરૂં ઠેકાણું રે, પ્રભુ વિના અન્ય ન જાણું રે. ટેક.
જનગ જનમનાં જૂદાં જૂદાં, માત પિતા પરિવાર;
સુખ દુ:ખ અલ્પ આપીને તજતાં, ન ફરી મળે લગાર. સાચા સ્નેહ. ૧
તનનાં ખોખાં અનેક બદલ્યાં, તેવું આ પણ એક;
આપણેજ છોડીને જાશું, રાખ થશે એ છેક. સાચા સ્નેહ. ૨
ઘર ધન સામન સંગ્રહ વિધવિધ, અંત ન આવે કામ;
ભોગવીએ આપણે બીજાનું, જાણો તેમ તમામ. સાચા સ્નેહ. ૩
જગમાં પણ વિપતી વેળા તો, કશું ન લાગે કામ;
સ્વાર્થીને પરતંત્ર જનોપર, વૃથા ન રાખો હામ. સાચા સ્નેહ. ૪
સાચો સંગી અંતે બેલી, સરવ સુખોનું મૂળ;
કરવી પ્રીત અનંતપતીથી, સરવ રીતે અનુકુળ. સાચા સ્નેહ. ૫

### પદ ૨૬.

"હું શું જાણુ કે વ્હાલે મુજમાં શું દીઠું રે" એ રાગ.

જગતમાં સુખ મને જરીએ ન લાગ્યુ રે;
એથી છુટવાનું મેતો પ્રભુ પાસે માગ્યુ રે. ટેક.
જગતજેલમાં બધે દીઠું દુખ ભારી રે:
નિકળી જવાની લાધી પ્રભુ પદ બારી રે. જગત. ૧

જગ કુપમાંહે પડયો ઊંડે ઊંડા ચાલ્યોરે,
નાખી ગુરૂ સાંકળ હરીએ મને ઝાલ્યોરે. જગત. ૨
ભવજળ વમળમાં મનડું તણાયુંરે,
હરી નામ નાવ ત્યાંહાં નૌતમ જણાયુંરે. જગત. ૩
અનુ એ ઉપાયો વડે છુટું જગમાંથીરે,
જઇ રહું ત્યાં હું પાછો આવું નહી જયાંથીરે. જગત. ૪

પદ ૨૭.

રાગ ઉપર પ્રમાણે.

જગતમાં સ્વાદ મને જરીએ ન લાગ્યો રે;
દહાડે દહાડે થાતો જાઊં અલગને આઘોરે. જગતમાં સ્વાદ. ટેક.
તન મારૂં દહાડે દહાડે દીસે પીડાકારીરે,
અંતે ફૂંકી બાળશે મળીને સ્નેહી ભારારે. જગતમાં. ૧
ધન સાધનોએ દુખ વિધ વિધ દે છેરે,
ચિંતા એની નીશદીન શાંતીને હરે છેરે. જગતમાં. ૨
સગાં સ્નેહી સ્વારથીયાં નહી સદાસાથીરે,
જેમ વધુ સ્નેહ તેમ વધુ પીડા થાતીરે. જગતમાં. ૩
માંન મદ કેરૂં તો કરોને મુખ કાળુંરે,
ફોકટની પીડાએ મારૂં તો સુખ ટાળ્યુંરે. જગતમાં ૪
મોત આવે ત્યારે નહીં કશું કામ લાગેરે,
માટે અનુડરીને હરીની સેવા માગેરે. જગતમાં. ૫

પદ ૨૮.

રાગ કાલીંગડો.

વાત ઘણી છે ભારી, જીવડા, જો તું ખૂબ વિચારી;

સ્થિતિ થશે શી તારી, જીવડા જો તું ખૂબ વિચારી. ટેક.
ભણે ગણે જન ધંધો શીખે, તેનો આ ભવ સારૂ;
પણ જે ખપ લાગે પરભવમાં, તે સારૂ શું ધાર્યું. જીવડા જો તું. ૧
મરવું તો નક્કી છે અહીંનું, તો સહુ અહીંજ રહેશે;
ક્યાં જાવું ને ત્યાં શું કરવું, કોણ મદદ ત્યાં દેશે. જીવડા જો તું. ૨
વિચારકે ભૂલી જા પણ, શીર એ ઘાંટી છે ભારે;
અહીંતો ચાર દિવસ ને, ત્યાંતો સદૈવ રહેવું તારે. જીવડા જો તું. ૩
નર્કે જતાં ભૂતજન થાતાં; અંતે બહુ પસ્તાતાં;
કેમ તારૂં પણ ન થાય એવું, જગમાં ગોથાં ખાતાં. જીવડા જો તું. ૪
કાળ અચાનક આવી પકડે, પછી ન કશું કરાતું;
વય થોડી ને ભય છે ભારે, માટે ઝટ સજ થા તું. જીવડા જો તું ૫
ચેત્ય નિત્ય સંભાર્યાં કર તું, અનંતની ચેતવણી;
રાતદિવસ રટ રમાપતીને, જગમાં વિમૂઢ ન બણી. જીવડા જો તું. ૬

### પદ ૨૯.

રાગ ઉપરનો.

જે ન પ્રથમથી ચેતે, તેને મરવાનો ભય ભારે;
હરીને ભજે ન હેતે, તેને મરવાનો ભય ભારે. ટેક.
ખાવાપીવા ઘરધંધામાં, ઉમર બધી વીતાડે;
કાળ કરાળ આવી પહોંચે જવ, ત્યારે બુમો પાડે. તેને. ૧
મારૂં મારૂં કર્યું ઉમરભર, તે ન રહે પોતાનું;
સજ્જડ પ્રીતી સદા તોડવી, એ દુખ ન થાય ન્હાનું. તેને. ૨
સહુતો ખાય પીયે રહે વાંસે, માત્ર એકલાં જાવું;
ક્યાં જઇશ શું થાશે મારૂં, એમ પડે ઘભરાવું. તેને. ૩

મરવું એ નિષેધ સમજીને, પ્રથમ નહીં સંભારે;
તે જ્યારે આવે મુખ સ્હામું, ત્યારે બુમો પાડે. તેને. ૪
લુણહરામી કરી પ્રભુની, કર્યાં હોય અઘ ભારી;
એ સઘળાંનું સ્મરણ થતાંમાં, વહે નેત્રથી વારી. તેને. ૫
ભય સહુ સાચો જણાય પાકો, જ્યારે જમ દેખાતા;
અનંત જે ન પ્રથમથી ચેતે, તે અંતે પસ્તાતા. તેને. ૬

## પદ ૩૦.

રાગ ઉપર પ્રમાણે.

મરવાથી નવ ડરવા જીવડા, કરી રાખ્ય તૈયારી;
થાવા તેં બેપરવા જીવડા, કરી રાખ્ય તૈયારી.
મરવું છે મરવું છે એવું, નિત્ય સંભાર્યાં કર તું;
આ જગ કાંઇએ કામ ન આવે, એ પણ નવ વિસરતું. જીવડા. ૧
જ્યાં જાવું છે હમેશ માટે, ત્યાંની ખરચી કરવી;
અહીંની સગવડ વય સામગ્રી, એ માટે વાપરવી. જીવડા. ૨
જેણે દીધું આંહી બધુંએ, તેજ ત્યાંહાં પણ દેશે;
હાલથીજ એનો થઇ રહે તો, પછી ફિકર નહી રહેશે. જીવડા. ૩
એને જો સેવીને નીશદીન, કરીશ પાકી પ્રીતી;
મરતી વખતે તો સાંભરશે, જઇશ અંત જગ ઝીતી. જીવડા. ૪
એ અંતે તેડવા આવશે, મોત ન થશે અકારૂં;
અનંત ઊલટું એમ લાગશે, ઊઘડ્યું સુખનું બારૂં. જીવડા. ૫

## પદ ૩૧.

રાગ.

ચાલ્યું જાયરે જાય, તારૂં આયુષ જોતાં જોતાં;

કેમ ન થાયરે થાય, તુજને ચિંતા ખાલી જોતાં. ટેક.
ઘણા નીરાંત તણા દીન ગાળ્યા, કશું ન કરી શકાયું;
તું ધીમો છે પણ મૃત્યુ તો, આવે ધાયું ધાયું. ચાલ્યું. ૧
ઘડી ગઇ ને પહોર ગયો ને, દીનનાદીન વીતાડયા;
કંઇ પણ ખરચી કર્યા વિના તેં, કઇ કઇ મહીના કહાડયા. ચાલ્યું. ૨
આળસગાં ને આળસમાં, આવીને ઉભું રહેશે;
ઘણા ભરોંસે ભૂલ્યા તેમજ, દગો તને પણ દેશે. ચાલ્યું. ૩
હજી સમજ પ્રભુનું શરણું લે, મંડી જા દૃઢ ચિતે;
આજ સુણે ને કાલે ભૂલે, એમ ન તો તું ઝીતે. ચાલ્યું. ૪
કમર બાંધ પાકા નિશ્ચયથી, હજી હાથ છે બાજી;
રાત અને દીન રટણ રાખીને, કર અનુપતીને રાજી. ચાલ્યું. ૫

## પદ ૩૨.

રાગ.

જીવડા જાગરે જાગ, ક્યારે કરીશ તું હીત તારૂં;
ભક્ત માગરે માગ, એથી થશે સરવનું સારૂં. ટેક.
બાળપણે તો ફુરસદ ન મળે, રમવા ને ભણવામાં;
યુવાઅવસ્થા સરવ વીતાડે, ધનીક સુખી બણવામાં. જીવડા. ૧
ઘડપણમાં તો અશક્ત થાતાં, કશું બણી નવ શકતું;
ઘણો વખત ખોયો લલુતામાં, હજી ન કેમ અટકતું. જીવડા. ૨
શરીરની સેવા કરવામાં, બહુ તારૂં વય જાતું;
ઘણો જાય છે વખત સુવામાં, સમજીને સજ થાતું. જીવડા. ૩
નવરાં ગપ્પામાં તું તારી, ફુરસદ બધી વીતાડે;
વખત નથી મળતો એવી તું, ખોટી બૂમો પાડે. જીવડા. ૪

હરતાં ફરતાં જતાં આવતાં, હોય એકલો જ્યારે;
ખાલી મનમાં કરી કુતર્કો, વખત ગુમાવે ત્યારે. જીવડા. ૫
વખત જાય છે તેમ મોત તો, ચાલ્યું આવે પાસે;
અનુ અંત શું થાશે ત્યારે, એ નવ કેમ વિમાસે. જીવડા. ૬

## પદ ૩૩.

રાગ ઉપરનો.

ભજશ્રી રામરે રામ, શરણાગતના સાચા બેલી;
કર એ કામરે કામ, બીજી વાતો પડતી મેલી. ટેક.
જરાક પણ તક મળે કે તરત, રામ રામ જપ મુખથી;
કીર્તનથીજ કલીયુગ માંહે તો, તરી જતાં જન સુખથી. ભજશ્રી રામ. ૧
રાત દિવસ એ રાખ જંખના, શ્રીવર સ્વામી મ્હારો;
અંતરમાં બેઠો અલબેલો, અનુપમ લાગે પ્યારો. ભજશ્રી રામ. ૨
આંહાનો સાથી ત્યાંનો સાથી, ખરો સગો ને સ્નેહી;
એની સેવા લેવા માટે, એણે દીધી દેહી. ભજશ્રી રામ. ૩
એનું એ ચાહે તેમ રાખે, એમાં ધ્યાન ન દેવું;
સંભારી સંભારી એને, કારજ સાધી લેવું. ભજશ્રી રામ. ૪
ખાતાં પીતાં જતાં આવતાં, ટેવજ એવી પાડો;
અનુ તમામ વખત ફુરસદનો, હરીભજનમાં કહાડો. ભજશ્રી રામ. ૫

## પદ ૩૪.

"જગદીશ જપરે" એ રાગનું.

જીવ ઝટપટ રે, તું શરણુ પ્રભુને માને. ટેક.
શું રહ્યો જગતમાં મોહી, ખાલી વય સઘળી ખોઇ;

નહીં કામ આવશે કોઇ, છોડ ખટપટ રે. તું શરણુ પ્રભુને. ૧
સાચું સુખ ક્યાંહી ન પામે, દુખ દેખે ઠામોઠામે;
તોપણુ હજી કાં ન વિરામે, બને શું નષ્ટ રે. તું શરણુ પ્રભુને. ૨
તારૂં ધાર્યું નથી થાતુ, એ ઘડી ઘડી સમજાતું;
તોપણ કેમ આ જગમાં તું, બને લટપટ રે. તું શરણુ પ્રભુને. ૩
આ ભવ જો એમજ જાશે, તો અંત અતિ દુઃખ થાશે;
જો નહીં ચેતે તો વાંસે, થઇશ ફટરે ફટરે. તું શરણુ પ્રભુને. ૪
તન મન ધન તારૂં ગણુ માં, સોંપી દે પ્રભુ ચરણુમાં;
અનુપતીને રાખ્ય સરણુમાં, નામ રટ રટરે. તું શરણુ પ્રભુને. ૫

## પદ ૩૫.

રાગ ઉપરનો.

ભાવે ભજ ભજરે, ભગવાન ભક્તના બેલી. ટેક.

સરવે સુખ એથી થાશે, સરવે દુખ એથી જાશે;
તું ચાહીશ તેમજ મ્હાશે, ગરૂડધ્વજરે, ભગવાન. ૧
સૌથી મ્હોટા જગનાથા, તે પ્રીતીથી વશ થાતા;
મૂર્તીમાં સ્પષ્ટ જણાતા, અચિંત્ય અજ રે. ભગવાન. ૧
તન ધન ગણુ એને સારૂ, જીવન ગણુ એને પ્યારૂં;
સેવન કર ન્યારૂં ન્યારૂં, સઘ થા સજ રે. ભગવાન. ૩
જગતો છે ચાર દિવસનું, તે પણુ નવ તારા વશનું;
આ કામજ ખરૂં અવસ્યનું, સમજ સમજ રે. ભગવાન. ૪
સુખ દુઃખ તો આમે થાશે, પણુ જો આ અર્થ સધાશે;
તો અનુ નિત્ય સુખ થાશે, અન્ય તજ તજરે. ભગવાન. ૫

## પદ ૩૬.

"બન ગયા બેદ" એ રાગ.

દીનને રાત, ફાંફાં તું શીદ મારે. દીનને રાત. ટેક.
ઘેર ઘેર ભટકીને જો કાંઇ, પૂર્ણ નથી સંસારે;
પુરૂં સુખ અહીં નથીજ મળતું, મળે તોએ મરવું છે તારેરે. દીનને. ૧
ધન પામીશ તું લાખ તોએ, પણ ઊર તૃપ્તી નહી ધારે;
અધથી ડરી સરલ ઉધમ કર, મળશે પૂર્વ કર્મ અનુસારે. દીનને. ૨
સ્ત્રી સંતાન વધુ છે તેને, પીડા થાય વધારે;
જે સોંપ્યાં તેનું કર પાલન, ખૂચ નહીં કોઇના પણ પ્યારે. દીનને. ૩
તનને માટે અનેક ત્રેવડ, કરી વૃથા જખ મારે;
આયુશ છે ત્યાં લગી નથી ભય, અવધ ખૂટે નહી કોઇ ઉગારે. દીનને. ૪
જગજંજાળ હવે ઓછી કર, એ કોઈએ નહીં તારે;
તારનાર અનુના સ્વામીને, વળગી ભજ્યાંકર વારમવારે. દીનને. ૫

## પદ ૩૭.

રાગ એજ.

બોધ સુણીને, ફરી વીસરી ન જા તું. ટેક.
તારા હાથનીજ આ વાત છે, સમજી માહીત થા તું;
પછી વરત તું તેજ પ્રમાણે, કર્યા વિના ફળ કદી ન પમાતુંરે. બોધ. ૧
અનેક ઉપાય કરવા છોડી, શરણું હરીનું રહ્યા તું;
વળગી રહે એનાજ ચરણમાં, ઠામોઠામ હવે ન ટીચા તું. બોધ. ૨
તન મનથી કે સાધનથી, જે કાંઇ કરી સકાતું;
તે કર એની સેવ નિમિતે, હવે વધુ જગમાં ન ફસાતું. બોધ. ૩
ક્ષણે ન ભૂલી જાઊં હરીને, એમ સદા ચિત રહાતું;

વખત મળે કે ભજ શ્રી સ્વામી, ગુણ એના આનંદથી ગાતું. બોધ. ૪
વળગી જા એ ધંધે નક્કી, મૃત્ય આવે ધાતું;
ઘણો વખત તો વૃથા ગયો પણ, હજી ચેત અનુ ચંચળ થા તું. બોધ. ૫

પદ ૩૮.

રાગ એજ.

ભજન સુણ્યાનું, સાર્થક કર ભાઇરે. ટેક.
પકવાનોની નાત જમાડી, જનમાં મસ મલકાઇ;
સાકર શેર ધરી શ્રીવરને, હરીજનમાં ન પ્રમાદી વહેચાઇરે. ભજન. ૧
મેઢી માળ ઝરોખા બાંધ્યા, મુકી જવાને આંહીં;
હરીમંદીરની એક ઓરડી, હજી ન કેમ તુજથી બંધાઈરે. ભજન. ૨
સ્ત્રી પુત્રાદીક કાજ કરાવ્યાં, ભૂષણ વસ્ત્ર તણાઈ;
વાઘાની પણ સેવા હરીની, હજી ક્યાંહી કીધી ન જણાઇ. ભજન. ૩
વીવાહ અધરણીના ઉત્સવમાં, ધન વાપર્યું ધરાઇ;
નાના પણ પ્રભુના ઊત્સવમાં, પ્રેમે પાઇએ નથી વપરાઇ. ભજન. ૪
જગ કારજમાં કર્મો બાંધે, ખુવે કરેલ કમાઇ;
અનુ સમજ હજીએ અવસર છે, કર શ્રીવર સેવન ચિત ચાહી. ભજન. ૫

પદ ૩૯.

" મોહે લાગી લટક ગુરૂ " એ રાગ.

જન ભજન કરી લ્યો મન ઘાલી, મુખથી નવ બબડો ખાલી. જન. ટેક.
સાંઝ પડીને વ્હાણું વાયું, જોતાં જોતાં વય ચાલી. જન. ૧
એજ કમાણી કરવા માટે, પ્રભુએ આ દેહી આલી. જન. ૨
માતપીતાને મન મસ ગમશે, બાળકની બોલી કાલી. જન ૩

જગની બીજી સરવ વાતથી, વાત ગણો આ મસ વ્હાલી. જન ૪
અનંત ઉતમ અવસર આ છે, માણો પ્રભુપદમાં મ્હાલી. જન. ૫

પદ ૪૦.

રાગ એજ.

નિત્યે શ્રીવરની સેવ કરો. ટેક
જે ખાવા પીવાને દે છે, તેને કદી નહીં વીસરો. નિત્યે. ૧
પૈસો દમડી પણ તે નિત્યે, લક્ષ્મીવર નિમિત વાવરો નિત્યે. ૨
તાંબું અરપે સોનું મળ તું, એજ કીમીયો ખરેખરો. નિત્યે. ૩
ધીરે ધીરે અહીં જણાય નહીં, થાય ત્યહાં સંગ્રહ જબરો નિત્યે. ૪
અનંતપતી જેટલું દે છે, દશાંશ તો સતત વાપરો. નિત્યે. ૫

પદ ૪૧.

રાગ એજ.

પ્રભુને ભજવાનો નિયમ કરો.
એકે દીન ખાલી ન જવા દો, ખરી કાળજી દીલે ધરો પ્રભુને. ૧
ખાવું પીવું સુવું સંભારો, તેમજ આ પળ ન વિસારો. પ્રભુને. ૨
ઘડી ઘડી પણ ભજો હમેશે, ટીપે ટીપે તળાવ ભરો. પ્રભુને. ૩
સુતાં ઉઠતાં અવશ્ય તેમાં, મુખે ભજો મનથી સમરો. પ્રભુને. ૪
અનંતપતીને વળગી રહીને. ભવસાગર સુખથકી તરો. પ્રભુને. ૫

પદ ૪૨.

રાગ એજ.

લક્ષ્મીના પતીથી પ્રીત કરો.
એને મતલબ નથી કશીએ પણ, તમેતમારૂં હીત કરો. લક્ષ્મી. ૧
એને શરણે થશેજ સારૂં, એવી ઉરે પ્રતીત કરો. લક્ષ્મી. ૨

એનું રટણ ન ક્ષણ પણ ભૂલે, એવું નિર્મળ ચિત્ત કરો. લક્ષ્મી. ૩
એને ગમતું કરો રાતદીન, કશુંજ નવ વિપરીત કરો. લક્ષ્મી. ૪
એના ગુણગણ ગાઓ ઉમંગે, એનું સ્મરણ ખચીત કરો. લક્ષ્મી. ૫
અનંત એનું શરણ ગ્રહીને, જગ માયાપર જીત કરો લક્ષ્મી. ૬

## પદ ૪૩.

રાગ "નારાયણ નરસીંહ નરોતમ" એ રીતનો.

ક્યારે કરીએ હરી સ્મરણ એ કહેવું છેકજ ખોટું રે.
મુખથી શ્રીવર શ્રીવર કહેવું, કામ નથી એ મ્હોટું રે. ક્યારે. ટેક.
ખાવા પીવા વખત મળે છે, અવસર મળે સુવાનોરે;
ઘરધંધાનો વખત મળે કેમ, ન મળે હરી ભજવાનોરે. ક્યારે. ૧
નવરાં ગપ્પાં થોડાં મારો, વખત ઘણોએ મળશેરે,
મોડાં સુવો ઉઠો વ્હેલાં તો, નિયમ બરાબર પળશેરે. ક્યારે. ૨
ધંધામાં તો કામ શરીરનું, જીભ તમારે વશ છેરે;
મનથી ચિંતા રાખે તેને તો, શુભ અવસર મસ છેરે. ક્યારે. ૩
તન સાધનની સેવા કરતાં, મનની સેવા ભારીરે.
તે મનમાંની કરી શકે છે, ચાહે તે નર નારી રે. ક્યારે. ૪
માટે મન રાખો માધવમાં ભજન કરો બહુ ભાવેરે;
અનુલાગ મહાભાગ્ય તુલ્ય છે, ફરી ફરી નહીં આવેરે. ક્યારે. ૫

## પદ ૪૪.

રાગ એજ.

ડાહ્યાં ડમરાં થઇ બેઠાં પણ, કહો આજે શું કીધુંરે;
આખા દીનમાં પ્રભુ સ્મરણમાં ધ્યાન કેટલું દીધું રે. ડાહ્યાં. ટેક.
પ્રભુએ તો ખાવાપીવાનું, દીધું રૂડી રીતેરે;

તમે તેની સેવામાં સારે, શું શું કીધું પ્રીતેરે. ડાહ્યા. ૧
આધી વ્યાધી ઉપાધી પ્રભુએ, કશું ન થાવા દીધુંરે;
એ સગવડમાં તમે કેટલું, સ્મરણ પ્રેમથી કીધુંરે. ડાહ્યા. ૨
વિવિધ કામ તનનાં નિજજનનાં, જેવાં કીધાં જતનથીરે;
તેવાં તે દેનાર કાજ શું, કીધાં ! શોચો મનથીરે. ડાહ્યા. ૩
ચિત્ત જેટલું રોકી રાખ્યું, જગના વિવિધ વિચારેરે;
મનન તેટલું પણ કીધું શું, પ્રભુનું પૂરણ પ્યારેરે. ડાહ્યા. ૪
જગ સમાન પણ જો નવ રાખો, જગદીશ્વરની પરવારે;
તો અનંત શા મુખથી આવો, પ્રભુ પામે કરગરવારે. ડાહ્યા. ૪

## પદ ૪૫

રાગ એજ.

રાત દિવસ ચિત ચિવટ રાખશો, તોજ ભજનતો થાશેરે;
નહિ તો ટેવ નથી એ તેથી, ઘડી ઘડી ભુલી જવાશેરે. ટેક.
ખાવું તો પેટજ સંભારે, આંખ સુવું સંભારે રે;
પહેરવું ઓઢવું તન સંભારે, આ સંભારવું ત્હારે રે. રાત. ૧
સ્ત્રી માગે વસ્ત્રોને ભૂષણ, બાળક ભાતુ માગેરે;
નહી માગી લે કદી સીતાવર, કંઇ પણ તારી આગેરે. રાત. ૨
તન સંભારે નિજ સ્વારથનું, જન નિજનું સંભારે રે;
તારૂં હિત સંભારનાર જીવ, કોઈ નથી સંસારે રે. રાત. ૩
આળસ નિંદ્ર અનેક વિચારો, વિઘ્ન રૂપ છે ભારે રે;
તેને ધૈર્ય રાખીને જીતીશ, પ્રભુ ભજશે ત્યારે રે. રાત ૪
કર્યા વિના ફળ ન મળે માટે, હમણાં તો શ્રમ પડશેરે;
પણ તેનાં ફળ અનત અંતે, જરૂર તુજને જડશેરે. રાત. ૫

### પદ ૪૬.

રાગ ઉપરનો.

ભકિત કરે કરી નહીં જાણે, લાભ પુરો નહીં એથીરે;
ઊલટાં નવાં વધે નહીં પાપો, જાળવવું એ ચેતીરે. ભકિત. ટેક.
મંદિર જવા તજે ઘરધંધો, રસ્તે કહીકને નિંદેરે;
પુન્ય થવાને સાટે ઊલટાં, વધુ બંધાતાં ફંદેરે. ભકિત. ૧
જેનાં દર્શન માટે આવ્યાં, તેને ન જુવે ધારીરે;
નિરખે ત્યારે પણ મન ભટકે, છબી ઝટ જાય વિસારીરે. ભકિત. ૨
મંદિરમાં બે ઘડી રહેતો પણ, કાંતો ગપ્પાં મારેરે;
કાંતો જુવે તમાશો બેઠાં, કાંતો વૃથા વિચારે રે. ભકિત. ૩
ભજન કરે તો મુખથી બબડે, અર્થે ઊરે ન ઊતારે રે;
રાગ અને સારી આવડનું, અભિમાને ઊર ધારે રે. ભકિત. ૪
સેવ કરે તો જગસુખ સારૂ, કાંતો કીર્તિ સારૂરે;
ખ્યાલ કીધા શ્રીવરને એવું, સમજે તે વળી ન્યારૂંરે ભકિત. ૫
મદ આણી કઇકને અડાવે, ગાન બહુ ચિત્ત ચાહરે;
ફળ પણ અંતે તેનું અંતુ, કર્યા પ્રમાણે થાયરે. ભકિત. ૬

### પદ ૪૭.

રાગ ઉપરનો.

ભકિત કરો તો તે કરી જાણો, પૂજો યથારથ જેથીરે;
જે કરવું તે પુરણ કરવું દોષ રહિત હેતેથીરે. ટેક.
મંદિર જવું મુખે પ્રભુ ભજતાં, લાભ બેવડો એમાંરે;
પાપ થાય નહીં ને ભજાય હરી, એ ઘડી જાય મજેમાંરે. ભકિત. ૧
પ્રેમ આણી શ્રીવરનું દર્શન, નખ શીખ નીરખી કરવુંરે;
પછી ઘેર નિરાંતે સુતાં, ધ્યાન બરાબર ધરવુંરે. ભકિત. ૨
કરવું ભજન પરોવીને મન, અર્થ રાખવા સંભારીરે;

પછી વરતવું તેજ રીતથી, ભય શ્રીવરનો ધારીરે. ભક્તિ. ૩
સૌના દાસ બનીને રહેવું, સેવા બને તે કરવીરે;
બદલામાં પ્રભુકૃપા માગવી, બીજી આશ ન ધરવીરે. ભક્તિ. ૪
બધું પ્રભુનું છે તેમાંથી, જે હરી આપ સ્વીકારે રે;
તે માટે મદ તજીને ઊલટો, પાડ માનવો પ્યારેરે. ભક્તિ. ૫
કાઢયો વેશ ભજવવો પૂરો, શરમાવું નહીં જરીએરે;
અતુ સ્નેહ ને સત્યપણાથી, શ્રીવરને વશ કરીએરે. ભક્તિ. ૬

## પદ ૪૮.

"શું કરવું છે સજનીરે બીજાને મ્હારે" એ રાગ.

પ્રભુનું ભજન કરી લેવું. જગતમાંહી હરીનું ભજન કરી લેવું;
કશું એ સ્થીર નથી રહેવુંરે, જગતમાંહી હરીનું ભજન કરી લેવું. ટેક.
સુખમાં ખૂબ સેવી લ્યો શ્રીવર, ટાણું ન મળે ફરી એવુંરે. જગ ૧
નિત્ય નથી રહેવું એ સઘળું, દુઃખે ધીરજ ધરી રહેવુંરે. જગ. ૨
રાગ દ્વેષ કોઇનો નવ કરવો, આપણું તેનુંએ તેવુંરે. જગ. ૩
કરી મુકયાં કર્મો ભોગવવાં, એમાં ધ્યાન શું દેવુંરે; જગ ૪
અનંત આગળ તેવું પામશો, હમણાં કરશો જેવુંરે. જગ. ૫

## પદ. ૪૯

રાગ એજ.

કામ નહીં આવે કોઇરે, જગતમાં, કામ નહિ આવે કોઇ;
શીદને રહોછો મોહીરે, જગતમાં કામ નહિ આવે કોઇ. ટેક.
જનની કુથલીઓ કરવામાં, ખાલી વય બહુ ખોઇરે. જગતમાં. ૧
ખરાં દુઃખોતો જાતે ખમવાં, જનતો રહે છે જોઇરે. જગતમાં. ૨
ઘણુંાંજ પ્રિય પણ જાય તજીને, પુંઠે રહીએ રોઇરે. જગતમાં. ૩

કર્યાં આપણે એજ વેઠીએ, નિમિત માત્ર સ્નેહી દ્રોહીરે. જગતમાં. ૪
એ સંભારી રાખી અનુ રહે, પ્રભુપદમાં ચિત્ત પ્રોઇરે. જગતમાં. ૫

પદ ૫૦.

રાગ એજ.

માગ પ્રભુથી એહેવુંરે, ફરી ફરી ન પડે કહેવુંરે. ટેક.
જેમ ખરચીએ તેમ ખુટે છે, એવું ધન શીદ લેવુંરે. ફરીફરી. ૧
ઘડિઘડિ દુખદે તજે આખરે, એ તનમાં શીદ રહેવુંરે. ફરી ફરી. ૨
ફરીફરી મરવું અવતરવું, કયાં સુધી એ સ્હેવુંરે. ફરી ફરી. ૩
માગ્ય નિત્યને સંપૂર્ણ સુખ, નથી ત્રિલોકમાં તેવુંરે. ફરી ફરી. ૪
એજ અનુ ચહાકે હું કયારે, પ્રભુને પ્રત્યક્ષ સેવુંરે. ફરી ફરી. ૫

પદ ૫૧.

રાગ એજ.

ગણ શ્રીવરને પ્યારારે, સરવથકી ગણ શ્રીવરને પ્યારા;
એજ સદા ચાહનારારે, સરવથકી, ગણ શ્રીવરને પ્યારા. ટેક.
એ વલ્લભ કદીએ નહીં છોડે, છોડશે કુટુંબ દારારે. સરવ ૧
તન સાધન સહુ અલગ થાય છે, એ નથી થાતા ન્યારારે. સરવ. ૨
એ એકનેજ વશ કીધાથી, સરશે અર્થ સહુ ત્હારારે. સરવ. ૩
પાળે સંભાળે દુખ ટાળે, એ હરી જગદાધારારે. સરવ. ૪
એની ગરજ સદા ત્હારે છે, કેમ ભૂલે જીવ મ્હારારે. સરવ. ૫
સાચો છે સંબંધજ એનો, દાસ તું એ પતિ ત્હારારે. સરવ. ૬
અનંત એ પર બલીહારી જા, તન મનને ધન દારારે, સરવ. ૭

પદ ૫૨.

"જોગીંદ્રપણું તે શીવજી તમારૂં મેં જાણ્યું." એ રાગ.
શ્રીપતીને સ્નેહે સવે, તેજ સાચાં માણસો છે;

બીજાં તો પશુ પક્ષી સમાનજ જણાતાંરે. ટેક.
અનેક ઉદ્યમ કરી પેટતો પશુએ ભરે;
દહાડે ફરે ચરે રાત પડે સુઇ જાતાંરે. શ્રીપતીને. ૧
પતિ પત્ની ભાવ ધરે પ્રજાને એ પેદા કરે;
દુખ ટાળી સંભાળી પાળીને ખુશ થાતાંરે. શ્રીપતીને. ૨
ઉદ્યમ કરીને ફરી ફરીને વસ્તુ સંઘરી;
કુટંબને સારૂ માળા બાંધતાં દેખાતાંરે. શ્રીપતીને ૩
શરીર સંતાન માટે વૃથા કાળ પુરો કરે;
મરે અવતરે એમ રહે અથડાતાંરે. શ્રીપતીને. ૪
એ ઘટમાળથી છુટવાની દેહી માત્ર આ છે;
તે વૃથા ગુમાવે તે અનુ અંતે પસ્તાતાંરે. શ્રીપતીને. ૫

## પદ ૫૩.

### રાગ ઉપરનો.

શરીર સોંપ્યું છે તને પ્રભુએ લેવાને સેવા;
માટે મન મુંકી દે તું હવે બીજા હેવારે. ટેક.
ચરણ આપ્યાં છે તને પ્રભુધામે ચાલી જવા;
જવા હરીજન પાસે સદબોધ લેવારે. શરીર. ૧.
સેવા રૂપ સહુ કામ કરવાને કર આપ્યા;
અંજલીથી નમવા સુપાત્રે દાન દેવારે. શરીર. ૨.
વાણી આપી રાત દીન રટવા શ્રી રામ નામ;
ગાવા પ્રભુ ગુણને તે બીજાઓને કહેવારે. શરીર. ૩
નયન દીધા છે નીરખવાને મંગલ રૂપ;
વાંચીને સુશાસ્ત્ર પ્રભુપદે સ્થિર રહેવારે. શરીર. ૪

કાન આપ્યા જ્ઞાન ગુણગાન ખુબ સાંભળવા;
ભાવ ઉપજાવી પ્રેમ સરિતામાં વહેવારે. શરીર ૫
અનંત ઉલટા ઉપયોગોથી અટક ઝટ;
રીઝવ રમાના સ્વામી શ્રી દેવાધિદેવારે. શરીર ૬

## પદ ૫૪.

### રાગ ઉપરનો.

જેણે પ્રભુને ન ભજ્યા તે બધા ઊંધું સમજ્યા;
મુવા પછી ડાહાપણ આવશે તે શા કામનું. ટેક.
જેમ બાળપણું રમી ભમીનેજ પુરૂં કરે;
તેનું માન મોટા થએ ન રહે બદામનું. જેણે. ૧
બીજવારો ખાઇને (વતાડે વાવણીનું ટાંણું;
પછી પેટ બાળે ધાંન ઊગ્યું જોઇ ગામનું. જેણે. ૨
શેઠે પુંજી સોંપી તે ઉડાવી નાંખી એશ માંહી;
અંતે કેદ થાય ખાધું ઠરે એ હરામનું. જેણે. ૩
જગમાં ગણાયા ડાહ્યા લોકો માંહે વખણાયા;
થાય રઘવાયા જ્યારે તેડું આવે રામનું. જેણે. ૪
આગ લાગ્યા પછી કુવો ખોદે આગ નહીં બુઝે;
હજી અનુ ચેતી લ્યો શરણ હરીનામનું. જેણે. ૫

## પદ ૫૫.

### રાગ ઉપરનો.

સેવી લીધા ચક્રપાણી તેણે તો કરી કમાણી;
દુખોથી છુટવા દેહી નૌકા રૂપ જાણીરે. સેવી.
તન ધન સાધન સોંપ્યાં પ્રભુએ સેવા માટે;

એ સંભારી રાખી મમતા ન કદી આણીરે. સેવી. ૧
જે જે સાર પામે તે પ્રભુને પ્રેમે ભેટ મરે;
પ્રસાદી પામે એના પ્રભાવને વખાણીરે. સેવી. ૨
કાયાથી સુકૃત્યો કરે મનથી સુગુણો સ્મરે;
ઉચરે આનંદે હરીનામ ગુણ વાણીરે. સેવી. ૩
પોતાનું કશું ન ગણે જે મળે તે કૃપા ભણે,
પદ પદે પાડ માને પ્રભુને પ્રમાણીરે. સેવી. ૪
પ્રભુ રસ સ્વાદમાં જગ દુખો લેખવે નહીં,
અનુ વૈકુંઠમાં જાય, અહીં મોજ, માણીરે. સેવી. ૫

## ૫૬ પદ.

" કડણ થયા મહારાજ મથુરાં જઇ " એ રાગનું.

આજ ગયું ને કાલે જાશે, એમ ઉમર તો વીતેરે,
માત્ર સાંભળ્યું કામ ન આવે, ભજન કરે તે ઝીતેરે. ટેક.
કેમ કમાતું એ શીખ્યા પણ, ઉદ્યમ કશો ન કરતારે,
છતી મતીએ માત્ર આળસે, તે જન ભૂખે મરતારે;
દુખી રહીને દુખ વધારે છે, તુ પણ એ રીતેરે. આજ ગયુંને. ૧
શેઠ મોકલે પુંજી સોંપી, પરદેશની દુકાનેરે;
કરે ન કાંઇ વેપાર અને એ, ધન પોતાનું માનેરે;
ખાઇ ખૂટાડે સઘળી દોલત, ભાન ન રાખી ચિતેરે. આજ ગયુંને. ૨
તેમ નિત્ય તુ ખાય પીયે ને, સુવે સુખે વય કહાડેરે,
ગરીશને જવ પ્રભુ પુછશે, શું કહીશ તે દહાડેરે;
સમજ્યું ક્યારે કામ આવશે, કરતો કાંઇ નથી તે રે. આજ ગયુંને. ૩
હજી હોંશથી મંડી જા તું, કરવા માંડય કમાણીરે,

મુખથી મનથી ધનથી કર હરી સેવા ઉમંગ આણીરે;
એક દિવસ પણ ખાલી ખોમાં કર્યાજ જાએ નિત્યેરે. આજ ગયું. ૪
ઘણા કાળથી મફત ખાય એ કરજ શીરે છે ભારે રે;
માટે કમર બાંધ પકકી છે ઘણું કમાવું તારે રે,
દરેક પળ છે લાખ લાખની ગળવી નથી ફરી તે રે. આજ ગયું. ૫
હજી સુધારી રીતી તારી સેવી સદા હરીને રે;
વળગી રહીશ રાત દીન એને ભુલી ન જઈ ફરીનેરે;
તો અનુપતી લેહેણું મુકી દઇ મળશે પુરણ પ્રીતેરે. આજ ગયું. ૬

પદ ૫૭.

રાગ ઊપરનો.

પ્રભુને તુ સેવવા માંડીશ તો સ્હાય પ્રભુ પણ કરશેરે;
ધીરે ધીરે અસંખ્ય પાપો, એજ શ્રી હરી હરશેરે. ટેક.
ઘણાં પાપથી બુદ્ધિ તારી મેલી બહુ થઇ છે રે,
તેથી તે જગની જંજાળે છેક ખુચીજ ગઇ છે રે;
સંભારી સંભારી હરી ભજ એથી મેલ ઊતરશેરે. પ્રભુને તુ. ૧
રોજ રોજ તું ભજ્યાં કરીશ તેમ ગતી સુધરતી જાશેરે;
રોજ રોજ તુ ભજ્યાં કરીશ તેમ પ્રભુ પ્રિય વધુ થવાશેરે;
ટેવ પડી જાશે એ રીતે પછી તો નહીં વીસરશેરે. પ્રભુને તુ. ૨
કામ ક્રોધ મદ ધીરે ધીરે ઓછાં થાશે એથીરે,
ચિત શાન્તિ રહેશે ને થાશે ભજન વધુ હેતેથીરે;
પછી પ્રભુમાં મજા લાગશે એ તારૂ મન હરશેરે. પ્રભુને તું. ૩
જગનાં સુખડાં તુચ્છ જણાશે સરવે એ સુખ પાસેરે,
એ વિણુ બીજું ચિત્ત નહી ચહાશે એ વિણુ નહીં રહેવાશેરે;
નોતમ સ્વાદ બણ્યો રહેશેને ઉર તેમાં થીર ઠરશેરે. પ્રભુને તુ. ૪

ખરો સ્વાદ એ પ્રભુનો પામીશ પછી નહીં રહે ખામીરે,
સુખ દુખની પરવા નહીં રહે ને જશે પાપ સહુ વામીરે;
અનંત અંતે ખુદ જગસ્વામી તને વ્હાલેથી વરશેરે. પ્રભુને તું. ૫

## પદ ૫૮.

રાગ ઉપરનો.

સ્વાદ સીતાવરમાં શો છે તે અનુભવ વિણ ન જણાયેરે;
જગનાં સુખથી કોટી ગણોએ ગણતીથી ન ગણાયેરે. ટેક.
હમણાં તો અવ દુખનું ઓસડ જાણીને હરી ભજીએરે,
તે પણ મહેનત જેવું લાગે સ્વાદ કશો ન સમજીએરે;
તાવ હોય ત્યાં સુધી ન મુખમાં ખરો સ્વાદ સમજાયેરે. સ્વાદ સીતાવર. ૧
આંખ ઉઘાડી છે પણ તારા ઊરમાં છે અંધારૂંરે,
પાપ ઘણાં કીધાં છે તેણે જ્ઞાન ઢાંક્યું છે તારૂંરે;
અંધ સદ્રશ તું વાત સાંભળે પણ સ્વરૂપ ન કળાએરે. સ્વાદ. ૨
માંદુ પાળે કરી તેમ તું પાળ સુનીતિ પુરીરે,
ખાધાં જા તું પ્રભુભજનની માત્રા નિત્ય મધુરીરે;
એથી પાપ કપાય તેમ ઉરમાં અજવાળું થાયેરે. સ્વાદ. ૩
જ્ઞાન ઉઘડતુ જશે તેમ એ સ્વાદ જણાતો જાશેરે,
હાલ પરાણે ભજન કરે પણ પછી એજ ચિત ચ્હાશેરે;
વધુ ભાવથી વધુ ભજે તેમ વહેલો સ્વાદ ચખાયેરે. સ્વાદ. ૪
અંતરમાં અજવાળું થાતાં ખરો સ્વાદ સમજાશેરે,
ખાનપાન ને વિષય સ્વાદ સહુ તુચ્છજ એની પાસેરે;
આપોપીજ ચખાયાં કરશે મનથી એ મન માંહ્યરે. સ્વાદ. ૫
આ ભક્તિ તો ઉપાય એનો એનો છે શ્રમકારીરે,

એથી ફળ રૂપે પ્રકટે જે તેની છે બલીહારીરે;
સ્વાદ ગોટીનો આંબો થઇને ફળે તદાજ પમાયરે. સ્વાદ. ૬
એજ સ્વાદથી મોહી મીરાંએ રાજ્યપાટ સહુ છોડયુંરે,
સ્વાદ મળે તેને એ જે રાખે હરીમાં ચિત્ત જોડયુંરે;
આનુ છુટે સહુ જગની પરવા એથી ન્યાલ થવાયેરે. સ્વાદ. ૭

## પદ ૫૯.

### રાગ ઉપરનો.

જતાં આવતાં સુતાં ઉઠતાં શ્રીરામ શ્રીરામ કહેવુંરે,
પ્રભુસ્મરણ વિણ ક્ષણ પણ ખાલી બનતાં સુધી ન રહેવુંરે. ટેક.
ધ્યાંન દાંન તીરથ વ્રત પુજન સદા ન કરી શકાયેરે,
જીભ અને મન વશ છે તેથી આ તો ધાર્યું થાયેરે;
અર્થ બીજા તમામનો સારે ફળ આનું પણ એવુંરે. જતાં. ૧
વિના સ્વાર્થ વાતો કરવામાં વૃથા વખત નવ ગાળોરે,
નવરાશમાં કુતર્ક કર્યાની ટેવ સમુળી ટાળોરે;
ખરી કમાણી એ છે માટે ધ્યાન બરાબર દેવુંરે. જતાં. ૨
રસ્તે જાતાં મનમાં પ્રભુને ભજી શકાય સુખેથીરે,
કરે જાય ઘરકામ તદા પણ ભજી શકાય મુખેથીરે;
ફુરસદમાં તો તન મન વચને હરીસેવા સુખ લેવુંરે. જતાં. ૩
સમજ્યા છતાં આ કરીએ નહીં એ ભૂલ થાય છે ભારીરે,
છતાં ધને ખરચી ન સંઘરી મરતાં થવું ભીખારીરે;
સુખસાગર મુકીને ઊલટાં અંતે મહા દુખ સ્હેવુંરે. જતાં. ૪
ઘણાં પાપ કીધાં છે તેનું જોખમ છે શીર ભારેરે,

છતા લાગમાં કેમ ન ચેતે ઘણું કામ છે તારેરે;
સંભારીને અનુ કર્યા કર મનમાં સમજ્યો તેવુંરે. જતાં. ૫

પદ ૬૦.

રાગ ઉપરનો.

ઘડી થાય કે તપાસ કરજે મનડું ક્યાં ભટકેછેરે.
જોયાં કર હરી સ્મરણ તજી એ ક્યાં જઇને અટકેછેરે. ટેક.
જેમાં એ અટકે છે તે અંતે પણ છે તજવાનુંરે,
એના કરતાં હરીસ્મરણનું કામ નથી કંઇ નાનુંરે;
થશે થવાનાં ખાલી શોચે ફેર કશો ન પડેછેરે. ઘડી થાયને. ૧
જ્યાં ચુકે તે તુરત સમજવું એ મુજને ભૂલાવેરે,
ખોવરાવતું જે પળ ખાલી તે પળ ફરી ન આવેરે;
ફરી ફરી વાળવું પ્રભુમાં તારૂં કામજ એ છેરે. ઘડી થાયને. ૨
ઊંધી ટેવ પડી ગઇ છે જે તે તજવી છે તારેરે,
માટે ધ્યાન રાખ્ય એનાપર નિશદીન વારે વારેરે;
નથી બીજો શ્રમ પણ ઘડી ઘડી એ સંભારવું ઘટેછેરે. ઘડી થાયને. ૩
સમજ્યા કે આ નહીં કરીએ તો અંત અતી દુઃખ થાશેરે,
સમજ્યા કે આ થશે બરાબર તો સરવે દુખ જાશેરે;
પોતાનાં દુખ જવા થવા સુખ કેમ કમર ન કસેછેરે. ઘડી થાય. ૪
થોડો વખત ચિવટ રાખીને કર તું ભજન પરાણેરે,
પછી ટેવ જ્યાં એજ પડી કે થયાં જશે સહુ ટાણેરે;
અગાધ દુખ પણ આમ કરે તે અનંત સહેજ તરેછેરે. ઘડી થાય. ૫

પદ ૬૧.

રાગ એજ.

ગમે તેમ પણ ભજે હરીને તે આખરે તરેછેરે;

લક્ષ્મીવરનો મહીમા અનુપમ સકળ શાસ્ત્ર ઉચરેછેરે. ટેક.
સાત દિવસમાં કથા શ્રવણથી તર્યા પરિક્ષિત જેવારે,
કીર્તનથી શુકદેવ મુની પણ તરી ગયાછે તેવારે;
વંદનથી અક્રૂર તર્યા એ પ્રમાણ સિદ્ધ ઠરેછેરે. ગમે તેમ. ૧
અનેક સંકટમાં પણ બીજું નથી કર્યું પ્રલ્હાદેરે,
માત્ર સ્મરણમાં રાખ્યા શ્રીવર સુધાનીધી મહા સ્વાદેરે;
દુખો હરી હરી અંતે તારે જે નિશદીન સમરેછેરે. ગમે તેમ. ૨
અર્ચનથી પૃથુરાજ તર્યા છે જુવો કથા વંચાવીરે,
ગોપી સઘળી તરી માત્ર પ્રીતિ સ્વરૂપ પર લાવીરે;
સઘ તરેછે તે જે એને સાચે મને વરેછેરે. ગમે તેમ. ૩
સખાભાવથી અર્જુનનાં દુખ કાપ્યાં વારે વારે,
અનેક વખતે સ્હાય કરીને અંતે તાર્યા પ્યારેરે;
ભાવ ધરો જેવો શ્રીવરપર તેવો આપ ધરેછેરે. ગમે તેમ. ૪
એક રીતે પણ પૂરણ સેવે તેને આપ ઉગારેરે,
તો જે તન મન જીવન અરપે પ્રભુને પૂરણ પ્યારેરે;
તેને અનંત તારે એમાં સંશય કોણ કરેછેરે. ગમે તેમ. ૫

પદ ૬૨.

રાગ એજ.

છે ભગવાન ભાવના ભૂખ્યા ભાવથીજ વશ થાયેરે;
પરિપૂર્ણ પોતેછે જાતે, અન્ય કશું નવ ચ્હાયે. ટેક.
મેવા મુકી દુર્યોધનના ચાહી વિદુરની ભાજીરે,
દ્વારિકાપુરીના મહારાજા થયા તાંદળે રાજીરે;
પ્રીતિનીજ પરિક્ષા કરતા ભભકાથી ન ઠગાયેરે. છે ભગવાન. ૧

શવરીનાં ખાધેલાં બોરાં ખાધાં પૂરણ પ્રીતેરે,
દહીં ગાખણ આહેરનાં ખાધાં જગપતીએ પ્રિય ચિતેરે;
ખીચડી કરમાંબાઇ તણી તો સૌથી પ્રથમ ધરાયેરે. છે ભગવાન. ૨
જગને માયામાં બાંધ્યું તે જશોદાથી બંધાયારે,
એક પુષ્પ પશુનું સ્વીકારવા અડવાણે પગ ધાયારે;
જગ હર્તા એ વ્રજવિનતાનો ખાધો માર ગવાએરે. છે ભગવાન. ૩
પીતા તુલ્ય પક્ષીને ગાટે કીયા પ્રીતથી કીધીરે,
સૌ દેવોથી વધતી પદવી પ્રભુ બાળકને દીધીરે;
નાર થયા નરસૈયા કેરી જેને અજ શીવ ધ્યાયેરે. છે ભગવાન. ૪
ભાવ ધરે જે સ્વારથ ગાટે તેના સ્વારથ સારેરે,
ભાવ ધરે જે પ્રીતી ગાટે તેને પાળે પ્યારેરે;
અનંત સુખ દે એનું સેવન અનુ એજ ચિત ચાહેરે. છે ભગવાન. ૫

## પદ ૬૩.

"અર્જુન પ્રાણથકી મને વૈશ્નન વ્હાલા" એ રાગ.

વૈશ્નવ હરી ભજવામાં નથી વેવરો, નાનાં મોટાં કેરોરે;
કાળ કોઇની વાટ જુવે નહીં, અવધ થએ નાંખે ઘેરોરે. હરી૦ ટેક.
ઘરડાં થશું પછી હરી ભજશું, એમ મુરખ મન આણેરે;
જન્મતાંજ ભય છે મરણાનો, આયુષ કોઇ નવ જાણેરે. હરી૦ ૧
બાળપણે ઓછી ચિંતામાં, ભજન વધારે થાયરે;
મોટાં થએ વધે જંજાળો, વધુ જગમાં ધુંચાયરે. હરી૦ ૨
તન સાધનની વધતી સગવડ, હોય જવાની માંહેરે;
ઘડપણમાં પરતંત્રપણામાં, એવું નહીંજ કરાયેરે. હરી૦ ૩
ઘરડાને તો અતી જરૂરત, થોડો વખત રહેછેરે;

તેમાં પણ નવ ચેતે તો તે, નર્ક પડીને સડે છેરે. હરી. ૪
વધુ થશે તો વધુ લાભ છે વૃથા ન વાંધા લાવોરે;
પોતાનું પોતે ન બગાડો લઇ લ્યો ઉતમ લ્હાવોરે. હરી. ૫
સારૂ કામ કીધુંજ ભલું છે તકને ન જવા દેવીરે;
ખુદનો સ્વારથ પણ નવ સાધે, એ સમજણ બનુ કેવી. હરી. ૬

## પદ ૬૪.

### રાગ ઉપરનોજ.

હરી ભજવામાં નથી વેવરો, નાત જાતનો લેશેરે;
ભાવ પ્રમાણે બદલો સહુને શ્રીવર સરખો દેશેરે. હરી ભજવામાં. ટેક.
બ્રાહ્મણ થઇને નહીં ભજે તો, અંતે નર્કમાં પડશેરે;
શૂદ્ર સેવશે શ્રીવરને તો, શ્રીવૈકુંઠમાં ચઢશેરે. હરી૦ ૧
મહા પંડીત પણ નવ સમરે તો, અંતે મહા દુખ પામેરે;
કશું ન સમજે પણ ભજે પ્રેમે, તેનાં સહુ દુખ વામેરે. હરી૦ ૨
લખપતી હજાર રૂપિઆ ખરચે, તેમ સોપતી એકરે;
બંનેને સરખું ફળ આપે, રાખે પ્રભુ વિવેકરે. હરી૦ ૩
પદાર્થની નહીં પણ પ્રીતિની, શ્રીવર કીંમત કરતારે;
શું દેશે કોઇ વિશ્વપતિને, દેવોના પણ ભરતારે. હરી૦ ૪
પાપ કાપવા સુખો આપવા, સેવા પ્રભુ સ્વીકારેરે;
ભાવ પ્રમાણે સિદ્ધિ એવું, અનંત શાસ્ત્ર પુકારેરે. હરી૦ ૫

## પદ ૬૫.

### રાગ ધુનનો.

સાચા સ્વારથની વાત ભૂલી જાઓ નહીં,
પ્રભુ ભજો દહાડો રાત ભૂલી જાઓ નહીં. ટેક

હુંકા સ્વારથોને સારૂ રાખો ઘણી ખંત;
સદાના સ્વારથ સારૂ, કાં રહો નચંત. સાચા૦ ૧
જેની પંચાતોમાં કાઢી નાંખો છો આ કાળ;
આખરે એ કોઇ પણ નહીં લે સંભાળ. સાચા૦ ૨
શરીરમાં મોજા પણ એ તો થશે શેલી;
મારૂં મારૂં કરો છો તે બધું જશો મેલી. સાચા૦ ૩
આળસમાં આવરદા ઓછું થતું જાય;
તોએ ચટપટી કેમ ચિતમાં ન થાય. સાચા૦ ૪
સ્નેહમાં ફસાની સહુ કાઢી લે છે કામ;
તમે કેમ પોતાનુંજ વિસારો તમામ. સાચા૦ ૫
ભજીને પ્રભુને તું કરી લે રૂડાં કાજ;
અનંત ચેતવાનો વખત તો છે આજ. [સાચા૦ ૬

## પદ ૬૬.

### રાગ એજ.

સાચા સ્વામી સીતારામને કાં ભજતાં નથી;
સહુ સુખો તણા ધામને કાં ભજતાં નથી. ટેક.
જનમીને ખરેખરૂં તો એજ છે કામ;
એટલાજ માટે દીધાં તન ધન ધામ. સાચા૦ ૧
સાર વાત છે એ સમજી ચૂક્યાં તમામ;
જાણી બુઝીને કાં હરો નીમકહરામ. સાચા૦ ૨
ચાર ઘડીનોજ છે જગનો તો દમાગ;
પુછશે પ્રભુજી ત્યારે હારી જશો હામ. સાચા૦ ૩
છુટી ચાર ઘડીની તો ખૂટી જશે આમ;

કેમ ભૂલી જાઓ જોતાં છતાં હામોહામ.. સાચા૦ ૪
ઘણો એ સમય વિતાડી દીધો ન કામ;
હજીએ સમજો અનુ વગ છે તમામ. સાચા૦ ૫

પદ ૬૭.

"મીઠડાં ગોરસ લ્યો ગોરસ લ્યો" એ રાગની ગરબી.

વૈશ્નવ દૃઢ રાખો રે દૃઢ રાખો, નીરાંતે રહી રસ ચાખોરે વૈશ્નવદૃઢરાખો.ટેક.
પ્રભુ છે સાગર કરૂણાનો, નથી કદીજ ભૂલી જવાનો. વૈશ્નવ૦ ૧
છે સદૈવ હિત કરનારો, દોષો દીલ નવ ધરનારો. વૈશ્નવ૦ ૨
રક્ષક છે પૂરણ પ્રતાપી, જડચર સઘળે છે વ્યાપી. વૈશ્નવ૦ ૩
એ સમર્થ છે સારવેથી, નવ ડરો કોઈથી તેથી. વૈશ્નવ૦ ૪
અનુ સોને સૌ દેનારો, છે તેજ તમારો પ્યારો. વૈશ્નવ૦ ૫

પદ ૬૮.

રાગ ઉપરનો.

વૈશ્નવ હરી સમરો હરી સમરો, નિત બનતી સેવા કરોરે. વૈશ્નવ૦ ટેક.
જાણ્યું કાંઇ કામ ન આવે, જે ભજન કરે તે ફાવે. વૈશ્નવ. ૧
સાચુંજ સમજવું તેનું, જે ભજન કરે નિત્ય એનું. વૈશ્નવ૦ ૨
સાચી આવડતજ એ છે, જે હરી ભજી જાણે છે. વૈશ્નવ૦ ૩
સાચી તેનીજ કમાણી, જે સેવે શારંગપાણી. વૈશ્નવ૦ ૪
અનુ સાચા એજ સભાગી, જેની પ્રભુથી લ્હે લાગી. વૈશ્નવ૦ ૫

પદ ૬૯.

રાગ ઉપરનો.

ભક્તિ ખૂબ કરોરે ખૂબ કરો, જગનાં જનથી ન ડરોરે. ભક્તિ૦ ટેક૦
ડરવાનું તેને યમથી, જે પ્રભુને ભજે ન મનથી. ભક્તિ૦ ૧

જે ભજન થકી સરમાશે, તેની લાજ આખરે જાશે. ભકિત૦ ૨
જે હાલ ભકિત નહીં ગ્હાશે, તે અંતે અતિ પસ્તાશે. ભકિત૦ ૩
જગ જનની પરવા ધારે, તે કોઇ ન આવે હારે. ભકિત૦ ૪
જો પોતાનું હીત ચાહો, તો અનુપતીનાં થઇ જાઓ. ભકિત૦ ૫

### પદ ૭૦.

રાગ ઉપરનો.

પ્રભુમાં મન રાખોરે મન રાખો, આળસ ઝટ કાઢી નાંખો. ટેક.
મૃત્યુ તો ક્ષણમાં રહાશે, પછી કશુંજ નહીં કરાશે. પ્ર૦ ૧
નથી કરવું કોઇને સારૂ, છે હીત એમાંજ તમારૂં. પ્ર૦ ૨
નિત ખાઓ પીઓછો જેનું, કેમ ભજન કરો નહીં તેનું. પ્ર૦ ૩
છે પળ પ્રત્યેક અમૂલી, સમજીને જાઓ કાં ભૂલી. પ્ર૦ ૪
જગ ચાલ્યું જાય જુવોછો, વય ખાલી કેમ ખૂઓછો. પ્ર૦ ૫
નિત નિયમ કરી હરી સેવો, અનુ છોડો સરવ કુટેવો. પ્ર૦ ૬

### પદ ૭૧.

"કેફી સૈયર જેતો કંથડો" એ રાગ.

પ્રીતી ન પ્રભુપર કાં ધરે, એણે આપ્યો અવતાર;
એજ ચલવી દેછે સદા, તારો સઘળો સંસાર. ટેક.
આંધળાની અગવડ જોઇનેરે, કેમ ન કરે વિચાર;
આંખો દાધી અણમોલ બે, એતે કેવો ઉપકાર. પ્રીતી૦ ૧
બહેરાં ને બોબડાંની પીડારે, ભૂલી જા માં લગાર;
સુખીયો તને પૂરો કર્યો, એનો કેવો છે પ્યાર. પ્રીતી૦ ૨
લુલાં લંગડાં મહા રોગીયાંરે, દેખે દુઃખી ઠારોઠાર;
તુજને ઊગારે એ પીડા થકી, કેવી કરૂણા અપાર. પ્રીતી૦ ૩

આજી હજી છે એના હાથમાંરે, અભીમાન નવ ધાર;
ઘેલ્લોજ કરી દે ઘડીકમાં, પછી શું કરે વિચાર ? પ્રીતી૦ ૪
કૃપા કરી છે ને કરે જતારે,અનુનાથ વારંવાર;
એની તો ગરજ છે સર્વદા, માટે ક્ષણે ન વીસાર. પ્રીતી૦ ૫

## પદ ૭૨.

રાગ ઉપરનો.

પ્રીતી પ્રભુની જોઇને, સામો તું પણ કર પ્યાર;
આપ્યું શરીર રૂપ નાવડું, એથી ઊતરી જા પાર. ટેક.
આંખો દીધી છે અમુલ એરે, એણે કીધો ઉપકાર;
તો તું નીરખી ધાર્ય ધ્યાનમાં, એનાં અંગ અલંકાર. પ્રીતી૦ ૧
કાન દીધા ઘણા કામનારે, સાંભળી લે સહુ સાર;
ઓળખી લે સુણી શાસ્ત્રથી, પ્રભુ પ્રાણના આધાર. પ્રીતી૦ ૨
હાથ પગ કીધાં નીરોગીયાંરે, તારે સ્વાધીન સુખકાર;
તો તું કરી લે એ વડે, સેવા સરવે પ્રકાર. પ્રીતી૦ ૩
વશ છે જીભ તો ત્યાં લગીરે, નામ એનાં ઊચ્ચાર;
મન બુદ્ધિ છે તે વડે, ગુણો એના સંભાર. પ્રીતી૦ ૪
ધન સાધન દે તે થકીરે, શાસ્ત્ર રીત અનુસાર;
વાપર હરીની સેવમાં, આણી ઊર માંહે પ્યાર. પ્રીતી૦ ૫
વય શકિત રહે ત્યાં સુધી, સુધારી લે અવતાર;
અનુ ઊતમ તક આવી છે, ભૂલી જા માં ક્ષણવાર. પ્રીતી૦ ૬

## પદ ૭૩.

રાગ ઉપરનો.

જેટલું પ્રભુ અર્થે કરે, તેજ સાર્થક જણાય;

ખાલી સંસારમાં વાપરે, તે અલેખે ગણાય. ટેક.
જેટલો સમય હરી ભજે, તેજ જીવ્યું કહેવાય;
બાકી સમય નકામો ગયો, લાભ એથી નવ થાય. જેટ૦ ૧
ખરચે પ્રભુની સેવમાંરે, ખરૂં ધન તે લેખાય;
વાવ્યું જાણે ધાન ક્ષેત્રમાં, એ અસંખ્યગણું થાય જેટ૦ ૨
ધુમધામો કરી વહી ગયું, નહીં ચિન્હે દેખાય;
પ્રીતી પ્રભુજીની મેળવે, ફળે તેતો સદાય. જેટ૦ ૩
જગની મોજો દીન ચારનીરે, અંત સમયે પરતાય;
ભક્તિ ગમે તે રીતે કરે, કશી અલેખે ન જાય. જેટ૦ ૪
અનુ ઉતાવળાં થાઓ માંરે, છો ન જગસુખો ચખાય;
ખરચો બધું પ્રભુ કાર્યમાં, એથી ભાવટ સહુ જાય. જેટ૦ ૫

## પદ ૭૪.

### રાગ ઉપર પ્રમાણે.

જગતપતિથી થાય પ્રીતડી, પછી શાની રહે ઓછ;
સુખમાં રહે જીવ સર્વદા, ક્ષણે થાય નહીં શોચ. ટેક.
સુખ દુખ જેના હાથમાંરે, જગત માત્રનું તમામ;
તેની કૃપા થાય તો પછી, કયું સરે નહીં કામ. જગત૦ ૧
એજ દેછે દેવ ભૂપનેરે, ધન વૈભવ ને ધામ;
પરિપૂરણ થઈ જાય તે, જેને ચાહે પૂર્ણ કામ. જગત૦ ૨
આસુર સુરો જેથી ડરેરે, ગણે જેને નિજરાય;
તે શ્રીવરના ખાસને, કોણ દુભે જરાય. જગત. ૩
ફેરફારો જગના બધારે, થાય જેમ એ ચહાય;
તેજ લગામ ગ્રહે હાથમાં, તેનું હીણું કેમ થાય. જગત. ૪

જેનાં સુખોનો પાર તોરે, શ્રુતિથીએ ન પમાય;
તે નિજ સુખો આપે પછી, લ્હાંણુ કપી ન લેવાયરે. જગત. ૫
આશાઓ અન્ય પડી મુકય તું, મુકય બીજા ઉપાય;
વર અનુવરને વ્હાલથી, અર્થ સરવે સધાયરે. જગત. ૬

પદ ૭૫.

"આગમેરી રાધેને" એ રાગ.

શ્રી વરને તે કોણ નહીં વ્હાગે, એથી સરવે અર્થ સધાગે. ટેક.
નામમાંજ એવા ગુણ છે કે, જો તે નિત ઉચરાય;
તો સરવે પાપોને બાળે, જેથી દુખ સહુ જાય. એથી સરવે. ૧
એવું સુંદર સ્વરૂપ છે કે, નીરખે નયન ન ધરાય;
અલંકાર આયુધ પણ તેવાં, જેમાં મન લોભાય. એથી સરવે. ૨
સ્વભાવ પણ એવો ઉતમ કે, કોપ ન કરે જરાય;
શત્રુનું પણ સારૂં કરવા, સદા હૃદયમાં વ્હાય. એથી સરવે. ૩
ધામ વળી એવું અદ્ભુત કે, સ્વર્ગ જહાં શરમાય;
ભય દુખનો તો ભાસજ નહીં ત્યાં, સદૈવ ઉત્સવ થાય. એથી સરવે. ૪
શ્રીપાર્ષદ આદી એનાં જન, સહુ એવાંજ જણાય;
થયો અનુ તુ પણ એનો એ, ભાગ્ય ખુલ્યાં કહેવાય. એથી સરવે. ૫

પદ ૭૬.

રાગ ઉપરનો.

એવા પ્રભુને તે કેમ ભૂલાય, એ વિના ચડે પણ વ્હાય. ટેક.
હરેક રસ્તે પણ એ નિત્યે, પોષણ કર્યાંજ જાય;
જે જે મળે જગતમાં તેના, દાતા એજ જણાય. એ વિના. ૧
સંકટ સમયે સંભાર્યા કે, સધ કરેછે સ્હાય;

અંધારે મનમાં વિનવીએ, તોપણ સમજી જાય. એ વિના. ૨
દોષ ઘણા કરીએ તોપણ એ, કોપ ન કરે જરાય;
નમ્ર બનીને કરગરીએ કે, તુરતજ પ્રસન્ન થાય. એ વિના. ૩
બીજાનું હિત કર્યા જતું એ, ટેવજ જેની જણાય;
દુખી દીઠાં કે દયા ધર્યા વિણ, જેથી નવ રહેવાય. એ વિના. ૪
જે ચાહે તે કરી શકે, ફરી કોથી ન ફેરવાય;
જેનું ચરણ શરણ પકડ્યાથી, ભવની ભાવટ જાય. એ વિના. ૫
દેવી દેવ મનુષ કે યમથી, પછી કશું ન કરાય;
જેના આશ્રયમાં જઇએ કે, નિર્ભય પટા પમાય. એ વિના. ૬
દેવો રૂષી મનુષ સમજુ સહુ, જેને શરણે જાય;
અનંત એનો થયો ત્યારથી, અનેક મજા ચખાય. એ વિના. ૭

## પદ ૭૭.

### રાગ એજ.

પેદા કીધાંછે શ્રી હરીએ, કેમ બીજા કાજ કાંઇ કરીએ. ટેક.
દેહ બનાવીને એ આપે, ત્યારે તો અવતરીએ;
તે પામી ચુક્યાં કે તુરતજ, શું એનેજ વિસરીએ. પેદા ૧
એની આપેલી વસ્તુથી, તનનું પોષણ કરીએ;
તે પાલન કર્તાને ન ધરી, લુણહરામ શું ઠરીએ. પેદા. ૨
એની વસ્તુ એને મુકી, કેમ બીજે વાપરીએ;
માલીકની આજ્ઞાને લોપી, શું અવળું આચરીએ. પેદા. ૩
એ જગના રાજાને મુંકી, કેમ બીજે કર ભરીએ;
જેને જવાબ દેવો પડશે, શું તેથીજ ન ડરીએ. પેદા. ૪

એણે દીધું એને માટે, અનુ તેમજ વાપરીએ;
એકે બંધન ન બને તેથી સહેજે ભવજળ તરીએ. પેદા. ૫

### પદ ૭૮.

રાગ એજ.

શ્રીવર જેમ રાખે તેમ રહીએ, બીજુ શીદ ચિતમાં ચહીએ. શ્રી વર૦ ટેક
એ સાચો સ્વામી છે સહુનો, એની વસ્તુ છઇએ;
મૂળથીજ પરતંત્ર છીએ તે, સ્વતંત્ર કયાંથી થઇએ. શ્રી વર૦ ૧
સ્વતંત્ર તેમ છતાં બનીએ પણ, એથી લાભ ન લઇએ;
ગરજી મુજબ વરતવાથી તો, આ સહુ સંકટ સહીએ. શ્રીવર. ૨
જે બોજાથી દુઃખ સહુ આવ્યું, તે બોજો શીદ વહીએ;
જેનું છે તેનાંજ ચરણમાં, સઘળું સોંપી દઇએ. શ્રીવર. ૩
એની સેવામાંજ મચ્યા રહી, બીજું કશું ન કહીએ;
એ કરશે તે શ્રેયજ કરશે, એમાં વહેમ ન લઇએ. શ્રીવર. ૪
જેમ કરે તેમ કરવા દઇને, દ્રઢ એના પદ ગ્રહીએ;
તો અંતુ અંતે આપોપી, એના પદમાં જઇએ. શ્રીવર. ૫

### પદ ૭૯.

રાગ કાલીંગડો.

શરીરને તુ નથી અલ્યા જીવ, ભૂલીશ માં એ ઘડીએ;
તુ તો તેનો પતી અલ્યા જીવ, ભૂલીશ માં એ ઘડીએ. ટેક.
નખથી શીખા સુધી શરીરમાં, વિચાર જીવ કયો છે;
અવયવ ઇન્દ્રી જૂદાં જૂદાં, તુ તો માંહી રહ્યો છે. રે જીવ. ૧
હાથ નથી તું ચરણ નથી તુ, ધડ માથું પણ નવ તું,
આંખ કાન કે જીભ નથી તુ. એ ચોખું અનુભવ તું. રે જીવ. ૨

તમામ તન અહીં પડયું હોય નેં, કહેશે જીવ ગયો છે;
મુડદું જોઇ સરવનેં નિશ્ચય, અનુભવ સિદ્ધ થયો છે. રે જીવ. ૩
એ દીવો મન ફાનસમાં છે, બધે પ્રભાથી વ્યાપે;
વિવિધ શરીરરૂપી ઘરમાં હરી, ફરી ફરીને સ્થાપે. રે જીવ. ૪
ઘણાં મળ્યાંને મળશે એવું, આપણુ છે તન તારૂં;
અનુ નથી જીવ શરીર માટે, શરીર છે જીવ સારૂં. રે જીવ. ૫

પદ ૮૦.

રાગ કાલીંગડો.

તન તો છે તુંજ સારૂ જીવડા, કેમ અવળું સમજે છે;
કરે નહીં હિત તારૂં જીવડા, કેમ અવળું સમજે છે. ટેક.
તું સ્વામી તે ઉલટો તનનો, ચાકર થઇ ફરે છે;
તું તારૂં હિત બધું વીસારી, એનું કર્યા કરે છે. જીવડા૦ ૧
પાળે સંભાળેને નિશદીન, વિધ વિધ લાડ લડાવે;
વય શક્તિ બુદ્ધિ આદિ સહુ, તું એમાંજ ગુમાવે. જીવડા૦ ૨
મથી મરે એ માટે તું તન એ શો બદલો દે છે;
એકે વાતે તૃપ્તી ન કરી, વધુ વધુ માગે છે. જીવડા૦ ૩
આગ રૂપ એ આપ બળે ને, જે દે તે ધી જાણે;
જેમ દે તેમ વધુ માગી કનડે, તારી દયા ન આણે. જીવડા૦ ૪
એમ ઉગર ભર કરે નોકરી, જેની સાચે ભાવે;
તે પાછું અંત તો દગો દે, સંગે નહીજ આવે. જીવડા૦ ૫
નથી એટલેથી હદ રહેતી, મુવા પછી પણ પાછાં;
એને માટે અઘ કીધાં તે, ભોગવવાનાં સાચાં. જીવડા૦ ૬
સુખી થવાને સાધન પાગ્યાં, દુખડાં તેજ વધારે;

અનંત એ તારીજ ભૂલને, તુજ ન કેમ વિચારે. • જીવડા૦ ૭

## પદ ૮૧.

રાગ ઉપરનો.

શરીર પામ્યો સારૂં જીવડા, ઝટપટ હીત સાધી લે;
થશે અચાનક ન્યારૂં જીવડા, ઝટપટ હીત સાધી લે. ટેક.
પોશણ રક્ષણ નિત્ય માગશે, તે તો પડશે દેવું;
તે સાટે તારે પણ એથી, કામ બરાબર લેવું. જીવડા૦ ૧
શરીર માટે કર તેટલુંજ, જેથી શરીર ચાલે;
મુરખના ઘરમાંજ નોકરો, ધણીથી વધુ મ્હાલે. જીવડા૦ ૨
શરીર કરતાં આત્માનું હિત, વધુજ નિત્યે કરતું;
શરીર સુખતો જગ માટે પણ, પરભવ નેં ન વીસરતું. જીવડા૦ ૩
શરીર તો ખુદના સુખ સારૂ, તુજને ખેંચી જાશે;
એને વશ નહીં થાય દૃઢ રહી, તો તુજ અર્થ સધાશે. જીવડા. ૪
અઘ બંધન આત્માનાં કાપે, અંત નિત્ય સુખ દે છે;
એવું હરીભજન જીવનું હીત, તે કરવા અનુ કહે છે. જીવડા. ૫

## પદ ૮૨.

રાગ ઉપરનો.

સેવા લેવા સારૂ જીવડા, હરીએ તન દીધું છે;
થવા ખરૂ હીત તારૂં જીવડા, હરીએ તન દીધું છે. ટેક.
જે જન એ પોતાનું માની, જગનાં કાર્ય કરે છે;
તે સઘળાં બંધનકારક થઈ, દુખ દેનાર ઠરે છે. જીવડા. ૧
એજ કર્મ પ્રભુ સેવા રૂપે, જે જન ફરી કરે છે,
તે સઘળાં અપ બંધન તોડી, પ્રભુનાં પ્રિય ઠરે છે. જીવડા. ૨

મૂર્તીને ઘરમાં પધરાવી, ઘરને મંદીર ધારો;
કરવાં જગનાં સરવે કારજ, સેવા ગણી સ્વીકારો. જીવડા. ૩
જે આવે તે પ્રભુને ધરવું, પ્રસાદ કરી વાપરવું;
વસ્તુ ઘરુની ગમતા ન કરી, મરજીને અનુસરવું. જીવડા. ૪
હરિ સેવા વિણુ બીજી ઇચ્છા, કશી ન મનમાં કરવી;
ભૂલ ચુક નવ કરાય માટે, ખુબ કાળજી ધરવી. જીવડા. ૫
જે માટે કરતું તે હેતુ, પુરણુ કરવો પ્રીતે;
અનંત એથી શ્રીવર મળશે, રાખ ખાતરી ચિતે. જીવડા. ૬

## પદ ૮૩.

### રાગ ઉપરનો.

કરતું સહુ એનું એ જીવડા, પણુ નવ ગણતું મ્હારૂં;
છે સઘળું જેનું એ જીવડા, ગણતું તેને સારૂં. ટેક.
ન્હાઇ ધોઇ તન ચોખું કરતું, સેવા લાયક થાવા;
રસોઇ કરવી તે પણ પ્રીતે, પ્રભુને થાળ ધરાવા. જીવડા. ૧
સર સામાન કરવો તે સઘળો, પ્રભુની વસ્તુ ધારી;
શ્રીવરનું મંદીર માનીને, રાખો ધામ સુધારી. જીવડા. ૨
પ્રભુએ સોંપ્યું કુટંબ માટે, સહુનું રક્ષણ કરતું;
એ સહુ વરતે ગમે તેમ પણુ, તારે પ્રભુથી ડરતું. જીવડા. ૩
એ સહુ સેવા કરવા માટે, ઊધમ કરી કમાવું;
પણુ પ્રભુએ જે પાપ ઠરાવ્યું, તે રસ્તે નવ જાવું. જીવડા. ૪
એમ પ્રેભુ સેવાજ નીમીતે, જે જગ કાર્ય કરે છે;
તે અનુ શ્રીવરનાં નિત સેવક, ભવજળ સુખે તરે છે. જીવડા. ૫

## પદ ૮૪.

" બન ગયો ભેદ " એ રાગનું. ટેક.

હરીના ભજનની ખરી છે, બલીહારી. ટેક.
ધન કે સામન કશું ન જોઇએ, નવ જોઇએ તેયારી;
ગનમાં ધાર્યું એજ વખત એ, કરી શકાય સુખથકી જારીરે. હ૦ ૧
પોથી પાનાંનો ખપ ન પડે, જોઇએ ન જ્ઞાન ભારી;
વાજાં રાગતણો પણ ખપ નહીં, સહેજે નામ શકાય ઉચ્ચારી. હ૦ ૨
હાથ અને પગ કરે જાય છે, વિવિધ કામ સંસારી;
એ પણ ચાલે આપણ ચાલે, મનને મુખ બેની ખપ ધારી. હ૦ ૩
વખત જગ્યાનો કશો ન વાંધો, મદદ ન જોઇએ ન્યારી;
મદદ માત્ર જીભની જોઇએ, તે તારે વશ છેજ બીચારી. હ૦ ૪
ઉપાય આવો હાથ છતાં શીદ, દુખી રહો નરનારી;
લ્હાવો લ્યો અનુ હરીકરૂણાનો, નિશદિન ભજો મુખે ગીરીધારી. હ૫૦

## પદ ૮૫.

રાગ ઉપરનો.

હરીની સેવાની ખૂબી છે ઘણી ભારી. ટેક.
સાચે ભાવે સેવા કરવા, જે ચાહે નર નારી;
તેની મન વાંછીત મૂર્તીમાં, પ્રગટ થાય પ્રભુ ત્રિલોક ધારીરે. હ૦ ૧
જળ ફળ ફુલ ધરે જેજે જન, પૂરણ પ્રીતી ધારી;
તે આપે છે તમામ પાછું, કૃપાતણી નજરેજ સ્વીકારી. હ૦ ૨
ઉલટો પ્રભાવ વધુ વધારે, કરી પ્રસાદી પ્યારી;
મને અનેક દુખોનું ઔષધ, ધન્ય ધન્ય અનહદ ઉપકારીરે. હ૦ ૩
ઓછું વધતું કશું પડે નહીં, દે તેનુંજ સ્વીકારી;

કરે જેટલું પળે તેટલું, સરલ રીત સહુ કાજે ધારીરે. હ૦ ૪
ભૂલ ચૂક તો દીલેજ ન ધરે, ગુણ રાખે સંભારી;
એક લઇ આપે અનેકને, કાપે અઘ દૂખ વિપતિ વિદારી. હ૦ ૫
ઉપાય એવો શ્રેષ્ટ છતાં, શીદ કરતાં નથી નરનારી;
અમુલ્ય તક એજો ન ગુમાવો, સફળ કરો આનુ દેહ તમારીરે. હ૦ ૬

## પદ ૮૬.

" હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠુંરે. " એ રાગ.

હરી રસ લાગ્યો મને સરવથી મીઠોરે;
એના સમ સ્વાદ બીજે ક્યાંહી નથી દીઠોરે. હરી૦ ટેક,
મનના વિચારે ધારતાંજ બની આવેરે;
ગમે તેવા કષ્ટ માંહે શાંતિ એ અપાવેરે. હરી૦ ૧
જેમ જગસુખ થોડું તેમ સ્વાદુ લાગેરે,
એ થકી આનંદ દીવ્ય અંતરમાં જાગેરે. હરી૦ ૨
ભોગવીએ જેમ વધુ તેમ લાગે વ્હાલોરે;
સુખથી મુકાય નહીં હરીરસ પ્યાલોરે. હરી૦ ૩
અંતરનો અનુભવ અનુભવી જાણેરે;
થાય તરબોળ રોમ રોમ તેજ ટાણેરે. હરી૦ ૪
સુખે સારો પણ દુખમાં તો સ્વાદ ન્યારોરે;
જીવન અનુનું અહા ! પ્રાણ થકી પ્યારોરે. હરી૦ ૫

## પદ ૮૭.

રાગ ઉપરનો.

જગતનાં જન કહે લાગ્યું એને ઘેલુંરે;
વ્હાલા વેંકટેશને કહીએ નહીં મેલુંરે. જગતનાં૦ ટેક.

એનાં પદ કેરાં લાંબાં લાંબાં ટીલાં તાણુંરે;
હાંસી જે કરે તેને હું અભાગીયાં જાણુંરે. જગત૦ ૧
તાળોટા પાડીને એનું પ્રેમે ગાણીં ગાણુંરે;
લોકો શું જાણે હું ઉરે કેવું સુખ માણુંરે. જગત૦ ૨
એનાં લોક મેલાં ઘેલાં એજ સંગી સાચાં;
એને સમરે તે મુખો બીજાં વાંકાં ડાચાંરે. જગત૦ ૩
એનાં ધામ ઉત્સવમાં જઇ મોજ માણું;
સ્વર્ગ સુખને હું એની પાસે તુચ્છ જાણુંરે. જગત૦ ૪
દહાડે દહાડે ઘેલુ એ અનુનું વધે જાશેરે;
ઘેલું છે કે ડાહ્યું એ તો આખરે જણાશેરે. જગત૦ ૫

## પદ ૮૮.

રાગ ધનાશ્રી "નિરધન કો ધનરાગ" એ રાગ.

અનહદ અતુલ વડાઇ, પ્રભુની અનહદ અતુલ વડાઇ;
પળે પળે સમજાઇ, પ્રભુની અનહદ અતુલ વડાઈ. ટેક.
તન ધન જન સાધન સૌ સોંપ્યાં, પહેલે હતું ન કાંઇ. પ્રભુની૦ ૧
નિશદિન પાળે ને સંભાળે, એજ ગને જગમાંહી. પ્રભુની૦ ૨
વિપત્તી વેળા સંભાર્યા કે, સદ્ય બાંહેડી સાહી. પ્રભુની૦ ૩
ગુણ ધારે અવગુણો વિસારે, એવી મન મોટાઇ પ્રભુની૦ ૪
કોપ ન કરે કૃપાજ કરે એ, સઘ અનુ હિત ચાહી. પ્રભુની૦ ૫

## પદ ૮૯.

રાગ ઉપરનો.

કોઇ નથી દાતાર હરી સમ, કોઇ નથી દાતાર;
દેવ ઋષી નરનાર હરીસમ, કોઇ નથી દાતાર. ટેક.

શરણુ છરૂં કહેતામાં કીધો, લંકાંનો સરદાર. પ્રભુ સમ૦ ૧
મુષ્ટી તાંદુલ ખાતાં વેંતજ, પુરી કરી તૈયાર. પ્રભુ સમ૦ ૨
અલ્પ તપે અવિચળ પદ આપ્યું, ધ્રુવને નભ મોઝાર. પ્રભુ સમ૦ ૩
નાનાં મોટાં અવધવાશીનો, કીધો બેડો પાર. પ્રભુ સમ૦ ૪
માગે જાતે પણ વેચાતો, અનંતનો સરકાર. પ્રભુ સમ૦ ૫

## પદ ૯૦.

રાગ ઉપરનો.

કોઈ ન કરૂણાવાંન, હરીસમ કોઇ ન કરૂણાવાંન;
એને એજ સમાન, હરીસમ કોઇ ન કરૂણાવાન. ટેક.
ગાળ ખાઇશીશુ પાળ તણી સો, દીધું અવિચળ સ્થાન. હરીસમ૦ ૧
વાયસસમ વંડેલાને પણ, દીધું અભય પ્રદાન. હરીસમ૦ ૨
પશુ કાજે પણ જાતે ધાયા, અડવાણા ભગવાન. હરીસમ૦ ૩
અસુર અરીને પણ ઓધાર્યા, એવા દયાનિધાન. હરીસમ૦ ૪
વિણ સ્વારથ અનુપતિ સરવનું, કરે જાય કલ્યાણ. હરીસમ૦ ૫

## પદ ૯૧.

રાગ એજ.

સૌને છે આધાર, પ્રભુનો સૌને છે આધાર;
એ સૌનો સરકાર, પ્રભુનો સૌને છે આધાર. ટેક.
જડચર સઘળામાં વ્યાપીને, એજ સ્રજે સંસાર. પ્રભુનો૦ ૧
દેવ રૂષી જન સૌને સઘળું, એજ સદા દેનાર. પ્રભુનો૦ ૨
જીવ માત્ર એને આધારે, ચલવે નિજ વ્યવહાર. પ્રભુનો૦ ૩
અજ શીવને પણ વિપતી વેળા, એજ કરે છે વ્હાર. પ્રભુનો૦ ૪
અનંત અંતે એજ ઉતારે, ભવસાગરથી પાર. પ્રભુનો૦ ૫

## પદ ૯૨.

રાગ એજ.

ધર હરીનો વિશ્વાસ, જીવડા ધર હરીનો વિશ્વાસ.
સુખદા છે શ્રી નિવાસ, જીવડા ધર હરીનો વિશ્વાશ. ટેક.
એ છે સૌનો સ્વામી પુંઠે, કોનો રાખે ત્રાસ. જીવડા૦ ૧
નહીં બગડવા દે એ તારૂં, સદા વસે છે પાસ. જીવડા૦ ૨
કઠણ કર્મમાં પણ એ [illegible]શ, યથા ઊચિત નરમાશ. જીવડા૦ ૩
નહી દુખ દે છે અતિં દયાળુ, કરતું શાસ્ત્ર પ્રકાશ. જીવડા૦ ૪
અનુ જો રહીશ દ્રઢ વળગી તો, પૂર્ણ થશે સહુ આશ. જીવડા૦ ૫

## પદ ૯૩.

રાગ કાફી. " કરૂણા નજર કરોરે " એ રીતે.

પ્રભુજી સમ કરૂણાળુ કોઇ નથીરે. ટેક.
આપોપી કરૂણા ધરી, શ્રષ્ટી જીવો સારૂ કરી; આપ્યાં સાધનોએ અતીરે. પ્ર. ૧
મુક્તિ માટે વેદો દીધા, સ્મૃતિથી ખુલાસા કીધા; દ્રષ્ટાંત પૂરાણો પ્રતીરે. પ. ૨
વિધ વિધ વપુ ધરી, લીધી શુધ ફરી ફરી, કીધી હીતકારી કૃતીરે. પ્ર. ૩
અઘ હારી કીધાં ધામ, તીર્થ ક્ષેત્ર મંત્ર નામ; જેથી સદગતી થતીરે. પ્ર. ૪
અનુ સ્થાપી સંપ્રદાય, સીડી કરી જગત માંય; જાવા શ્રી વૈકુંઠ પ્રતીરે. પ્ર. ૫

## પદ ૯૪.

રાગ ઉપરનો.

પ્રભુજી સમ ઉપકારી નવ કોઇરે. ટેક.
ખાવા પીવા એજ આપે, આધી વ્યાધી એજ કાપે;
વિપતીમાં આંસુ લોહીરે. પ્રભુજી૦ ૧
સુમારગે એજ વાળે, કૂડી ટેવો એજ ટાળે;

એજ નાંખે પાગે ધોઇરે. પ્રભુજી૦ ૨
હિત કરે વિના માંગે, ગાગ્યું મુંકે મુખ આગે;
ફરી આપે સહુ સોઇરે. પ્રભુજી૦ ૩
ક્ષણ પણ ન વિસારે, કોપ નહીં ઉરે ધારે;
દોષો દુરમતી જોઇરે. પ્રભુજી૦ ૪
એવા સાચા સુખકારી, સાચા અઘ દુખ હારી;
જાણી અનુ રહ્યો મોહીરે. પ્રભુજી૦ ૫

## પદ ૯૫.

" ગીરધારીરે " એ ગરબીનો રાગ.

ઝટ જાગોરે, જુવો જાય વય વીતી; સેવો હરીને ધરી પ્રીતિ. ટેક.
સહુ જગનાં રાજા રાણીરે, પ્રકટયાં છે કરૂણા આણીરે;
લ્યો સેવાનાં સુખ માણીરે, એ કરવારે આ ઉત્તમ તક દીધી. સેવો. ૧
નખ શીખ નીરખી લ્યો પ્યારોરે, ઉરમાં એ મુરત ઉતારોરે;
પછી ધ્યાંન સુખેથી ધારોરે, એ સારૂરે દેહ તમારી કીધી. સેવો. ૨
ફળ ફૂલ થકી ખુશ નાશેરે, નહીં કશું આલેખે જાશેરે;
મ્હાશો તેમજ એ મ્હાશેરે, એનીતોરે સરવ વાત છે સીધી. સેવો. ૩
એથીજ જગત જીવે છે રે, સુધ રાત દિવસ એ લેછેરે;
સઘળું એ તમને દેછેરે, હીત કરતારે સદૈવ એકજ રીતી. સેવો. ૪
એનીજ ગરજ છે નિત્યેરે, એ સમજી રાખો ચિતેરે;
વળગ્યાં રહો પૂરણ પ્રીતેરે, તો સુખમાંરે અનુ જશો જગ ઝીતી. સેવો. ૫

## પદ ૯૬.

રાગ ઉપરનો.

**શ્રી વૈશ્નવરે, પ્રેમે પ્રભુ ગુણ ગાઓ, બીજું સહુ ભૂલી જાઓ. ટેક.**

આખો દિન વૃથા ગુમાવ્યોરે, આ ઊત્તમ અવસર આવ્યોરે;
સહુ લ્યો લાણો લ્હાવોરે, શ્રી વરનેરે નીરખીને હરખાઓ. બીજું૦ ૧
સાચું સુખ તે આ જાણોરે, આ મોજ મગ્ન થઈ માણોરે;
પ્રભુપર બહુ પ્રીતિ આણોરે, પ્રણમીનેરે, શરણુ ચરણુમાં થાઓ. બીજું૦ ૨
જો પ્રીત પ્રભુથી થાશેરે, તો દુખ સહુ નાશી જાશેરે;
ચિતમા ઉમંગ નહીં માશેરે, તે માટેરે આ શુભ રસ્તે ધાઓ. બીજું૦ ૩
પ્રભુ પ્રીતિથી વશ થાતારે, પરચા બહુ જગે જણાતારે;
પછી તમે કેમ નથી ચ્હાતારે, જગ વમજોરે નાહક શીદ અથડાઓ. બી૦ ૪
નથી વાર પ્રભુને જરીએરે, સાચે ભાવેજ સમરીએરે;
તો આપણે પણ વશ કરીએરે, પ્રભુ મળશેરે આ ઉપાય દૃઢ સાહો. બી૦૫
સાચું જીવન અનુ સ્વામીરે, રાખો ઉર પ્રીતિ જામીરે;
ફરી ફરી નમો શિર નામીરે, પ્રિય પ્રભુ પરરે વાર વાર બલી જાઓ. બી.૬

## પદ ૯૭.

" નિયંતાં નાથરે. " એ રાગ.

ભૂલી ભગવાનને, શીદ હાથે કરી દુખી થાઓ. ટેક.
ગયાં બીજાં જેમ તમને મુકી, તમે બીજાં માટે નહીંખોટી થાઓ. ભૂલી૦ ૧
દુખનું ઓસડ હરી સ્મરણ છે, કરો નહીં તે ને પછી ધભરાઓ. ભૂલી૦ ૨
ભય ભારે તેમ ભજવું વધારે, જેવો રોગ તેવું ઓસડ ઝટ ખાઓ ભૂ૦ ૩
જગની પ્રીતિ અંત દુખદા છે. સાચે ભાવે શ્રીવરને ચિત ચાહો. ભૂલી૦ ૪
અનુપતિ શરણે વળગી રહોતો, ગોથાંભવજળમાં પછી નહીં ખાઓ. ભૂ. ૫

### પદ ૯૮.

રાગ ઉપરનો..

ભજ્યાં જાઓ ભાવથી, અંતે મળશે જરૂર જગનાથ ટેક.
વાવતાંજ આંબો એ ન ફળે, કાળે ફળ મળશે નક્કી છે એ વાત. ભ૦ ૧
કરી મુકેલાં દુખો ખમી લ્યો, પછી ન રહે કશીએ પંચાત. ભ૦ ૨
નવાં પાપ ન બને જાળવજો, કહે પ્રભુને તે સદા રહે સાથ. ભ૦ ૩
જેમ દુખો આવે વિણુ તેડયાં, થાશે તેમ અચળ સુખો ભલી ભાત. ભ૦ ૪
અનુપતીને વળગ્યાં રહેશો તો, તરાવશે ભવજળ ઝાલીને હાથ. ભ૦ ૫

### પદ ૯૯

" ગને મુકીને ગયો મારો છેલડોરે. "

તમે ભાવે ભજો ભગવાનનેરે, એ છે સાચો સરવ માંહે સાર. નરનાર.
ભાવે ભજો ભગવાનરે. ટેક,
વગ જગમાં એથી સહજે થશેરે, એથી સુધરી જશે સંસાર. નરનાર.૧
મન નીતીનો મારગ ઝાલશેરે, એથી ઉત્તમ થશે આચાર. નરનાર. ૨
બની રહેશે ધીરજ દુખ રોગમાંરે, ખરે સમયે કરશે હરીવ્હાર. નરનાર.૩
પ્રભુ વ્હાલા વ્હાલા વધુ લાગશેરે, ઊઠતો જશે અસારમાંથી પ્યાર ન. ૪
અનુ અંતે અનંત સુખ પામશોરે, થશે સેહેજે સફળ અવતાર. નર. ૫

### પદ ૧૦૦.

રાગ ઉપરનો.

તમે ભજન કરો ખરા ભાવથીરે, ત્યારે વીસારી દયો બીજા વિચાર નરનાર;
ભજન કરો ખરા ભાવથીરે.
મુખે ઉચરો મંગળ નામઇશના રે; એ છે સરવે શાસ્ત્રો તણો સાર.નર૧.

મન રાખો પરોવી પ્રભુપાદમાંરે;
ખરો એનોજ છે બધે આધાર. નરનાર૦ ૨
નેહે નીરખીને નખ શીખ નાથનેરે;
નમો શીશ નમાવી વારંવાર. નરનાર૦ ૩
ગુણો એના સંભારી ઉરે સામટારે;
કરો સ્મરણ એના ઉપકાર. નરનાર૦ ૪
અનુ વ્હાલાને વરી ઘણા વ્હાલથીરે;
તન મન ધનથી જાઓ બલીહાર. નરનાર૦ ૫

## પદ. ૧૦૧

રાગ ઉપરનો.

સદા સાચું અમારૂં ધન શ્રીપતીરે;
નથી પરવા બીજાની લગાર. નરનાર સાચું અમારૂં ધનશ્રી૦ટેક.
વિના શ્રમ એ મળે છે મનભાવતુંરે,
સાચા ભાવનીજ માત્ર દરકાર. નરનાર૦ ૧
સહુ અર્થો સદા એ થકી સરેરે;
ભરેલો છે અખૂટ એ ભંડાર. નરનાર૦ ૨
અન્ય સ્વાદો એની પાસે અલ્પ છેરે;
સહુ સાર તણો ઉત્તમ છે સાર. નરનાર૦ ૩
કામ આવે અહીં એ બધો વાતમાંરે;
એથી સહેજે જવાય ભવપાર. નરનાર૦ ૪
અનુ અંતે એનાં સુખો અનંત છેરે;
કરે એવું શ્રુતિ મુનિ ઉચ્ચાર. નરનાર૦ ૫

## પદ ૧૦૨.

"મારૂં ગોકુળ જોવાને આવેરે" એ રાગ.

મન રાખે જગતની માંહ્યરે, તેને સુખ નથી મળતું;
જગનેજ અહરનીશ ચાહ્યરે, તેને દુખ નથી ટળતું. ટેક.
જેટલાં જન સાથે થતો રે, જગમાં સ્નેહ સંબંધ;
તેટલી ચીંતાઓ વધે, થઇ પડે પછી પાકા બંધરે. તેને સુખ. ૧
જૂદા જૂદા સ્વભાવનાં એ, વરતે છે વિવિધ પ્રકાર;
એમાં ગુંથાય તેને પછી, કળ કયાંથી મળે પળવારરે. તેને સુખ. ૨
સ્થીતિ વળી એ સરવનીરે, ફરી જતી ભાત ભાત.
બની રહે જાત જાતની, તેથી દરેકની પંચાતરે. તેને સુખ. ૩
સ્થિર ન રહે જગમાં કશુંરે, ઘડી ઘડી બદલાય;
તેમ તેમ મન મનુષ્યનું, તેમાં અધિક અધિક ઘુંચાયરે. તેને સુખ. ૪
તારૂંજ ધાર્યું થયાં કરેરે, ત્યારે તારૂં દુઃખ જાય;
તે તો કદી બનતું નથી, શીદ એમાં પછી અથડાયરે. તેને સુખ. ૫
જગ નથી તવ આધીન તો રે, તું રહે શીદ આધીન;
એ દુખદાને અનુ તજી, સેવ સુખદા પ્રભુ નીશદીનરે. તેને સુખ. ૬

## પદ ૧૦૩.

રાગ ઉપરનો.

સાચે ભાવે ભજો ભગવાનરે, સદભાગી શાણાં;
રાખો એમાં પુરેપુરૂં ધ્યાનરે, સદભાગી શાણા. ટેક.
સાઠ ઘડીમાં બે ઘડીરે, પણ તે નિયમની સાથ;
સંભારોને સાચા સ્નેહથી, સહુ સુખ દેનારા સાચા નાથરે. સદભાગી૦ ૧
ગાઓ એના ગુણ ગાનમાંરે, ઉરમાં ઉતારો ધ્યાન;

મન મુખ સંગજ રાખજોરે, એ ટાંણે તો ન ભૂલશો ભાનરે. સદ૦ ૨
જન જાણે ભકિત કરેરે, મન ડોલે દશ દીશ;
એથી અર્થ ન કશો સરે, ન ઠગાય કદી જગદીશરે. સદભાગી૦ ૩
નિરખો તો નિરખો તમેરે, નયને નખ શીખ નાથ;
સંભારી રાખો સ્વરૂપ, મન મોહનનું મન સાથરે. સદભાગી૦ ૪
સુતાં લાવો છબી ધ્યાંનમાંરે, ઊઠતાં આણો ધ્યાન;
આનુ કરો તો પુરૂં કરો, તોજ થાશો પુરાં ભાગ્યવાંનરે. સદભા૦ ૫

## પદ ૧૦૪.

### રાગ ઉપરનો.

આજ કાઢયો બરાબર કાળરે, એ તું જોને તપાશી;
રાખ્ય તુજ તારી સંભાળરે, ન રહીશ વીમાશી. ટેક.
વાતો કરાવનારાં ઘણાંરે, મળ્યાં હશે આપોઆપ;
પણ તેં તેમાં ન ધુંચાઇને, સમર્યા કે નહીં સાચા બાપરે. એ તું જોને૦ ૧
ઇંદ્રીયોને લલચાવતીરે, વસ્તુઓ છે ઠામોઠામ;
પણ એકેને વશ થઇ, કીધું તો નથી કંઇ કુડું કામરે. એ તું જો૦ ૨
ક્રોધ ને દ્વેષ કરાવવારે, લોકો તો છે તઇયાર;
પણ તેં એવાં નવ બની, રાખ્યા છે કે નહીં સુવિચારરે. એ તું જો૦ ૩
આપોપી તર્ક ઉભા કરીરે, મન તો ભૂલાવે છે ભાન;
એને રાખી વશ પ્રીતીથી, ભજ્યા છે કે નહીં ભગવાનરે. એ તું જો૦ ૪
છે હજી રાત આડી વડીરે, ભૂલો બધી એ સુધાર;
સફળ દિવસ કર આજનો, સુતાં સમરી અનુના સરકારરે. એ તું૦ ૫

## પદ ૧૦૫.

### “ ઓધવજી કરમનકી ગતી ન્યારી ” એ રાગ.

સુતી વેળા સ્મરણ પ્રભુજીનું કરવું, રાખી હૃદય વિચારોથી નરવું.સુતી. ટેક.

નામ શ્રીમન્નારાયણ કેરૂં મુખથી ખૂબ ઉચરવું;
વ્હાલા શ્રી વૈકુંઠપતીનું ધ્યાન પ્રેમથી ધરવું. સુતી વેળા૦ ૧
પદ પંકજમાં પ્રણમી પ્રેમે નમ્ર બની કરગરવું;
ગુણ સઘળા એના સંભારી, વ્હાલ આણીને વરવું. સુતી વેળા૦ ૨
દિવસે થયા હોય જે દોષો, તે માટે બહુ ડરવું;
પસ્તાવો આણીને પુરો, ક્ષમા કાજે કરગરવું. સુતી વેળા૦ ૩
શુભ કર્મો કીધાં તે માટે, અભિમાન નવ કરવું,
એ ઉપકાર પ્રભુના જાણી, ફળ એને પદ ધરવું. સુતી વેળા૦ ૪
કૃપા વિવિધ એની સંભારી, હ્રદય પ્રેમથી ભરવું;
અનંત એ વિચારના વશમાં, શયન સુખે આદરવું. સુતી વેળા૦ ૫

## પદ ૧૦૬.

### રાગ ઉપરનો.

સુતાં સમરો પ્રભુના ઉપકારો, ગુણ ગણના ગુણ ઉર ધારો. સુતા૦ ટેક.
તન આરોગ્ય તમારૂં રાખ્યું, એ સુખ અલ્પ ન ધારો;
વસ્ત્ર ખોરાક દીધાં મનમાન્યાં, નિવાસ આપ્યો સારો. સુતાં૦ ૧
વિઘ્ન અનેક વસે વિશ્વે, તેમાં નવ આવ્યો વારો;
શાંતી ને સંપૂરણ સુખમાં, કાઢ્યો દીવસ તમારો. સુતાં૦ ૨
ભૂલ્યાં એને તમે તથાપિ, નવ ભૂલ્યો એ પ્યારો;
સુધ લઇને સુધા રસ્તાનો, કર્યો કર્યો અણુસારો. સુતાં૦ ૩
વાંક કર્યા વિધ વિધ તોએ પણ, કોપ નથી ઉર ધાર્યો;
હિતકર્તા એ હિતજ જાળવ્યું, રહ્યો ન ક્ષણ પણ ન્યારો. સુતાં૦ ૪
આજ સુધીના સહુ ગુણ ગણતાં, કદી ન આવે આરો;
અનંત એનાથીજ નભે છે, આ જનમારો તમારો. સુતાં૦ ૫

## પદ ૧૦૭.

રાગ ઉપરનો.

સુતાં સમરો સુખસાગર સ્વામી, પદ પંકજમાં શીર નામી. ટેક.
અંતરમાં કહેશો તો એ પણ, જાણશે અંતરજામી;
કાલી ઘેલી એની કરગર, કશી ન જશે નકામી. સુતાં સમરો૦ ૧
સદા સર્વદાના એ સંગી, એ છે પૂરણ કામી;
જીવી શકો જગત માંહે તે, એનાથી સહુ પામી. સુતાં સમરો૦ ૨
અન્ય બધું અંતે દુખદાયક, એ સદૈવ સુખધામી;
અન્ય બધાં સ્વારથીયાં શત્રુ, મીત્ર એજ ગુણગ્રામી. સુતાં સ૦ ૩
અન્ય સુખો દોષથી ભરેલાં, એમાં નહીં કંઇ ખામી;
પ્રીત અન્યની અંતે તુટે, એની રહેશે જામી. સુતાં શમરો૦ ૪
અલ્પ સેવાને સાટે કરતા, અધિક કૃપા એ સ્વામી;
અનંત અંતે ન્યાલ થઇશ તું, જશે સહુ દુખ વામી. સુતાં સમરો૦

## પદ ૧૦૮.

"સમજી ગઇ છું રે" એ રાગ.

અંતે એજ પ્રભુ અલબેલા લેવા આવશે રે, દયા જણાવશે રે. અંતે૦ ટેક.
નાડો બધી તુટતી જાશે, વ્યાકુળ જીવ ઘણો ઘભરાશે;
ત્યારે પાસે આવી શુદ્ધ એ લાવશે રે અંતે. એજ પ્રભુ૦ ૧
શંખ ચક્ર કરમાંહે ધારી, કરી ગરૂડજી ઉપર સ્વારી;
મનહારી નિજ મુરત મને બતાવશે રે. અંતે એજ પ્રભુ૦ ૨
જગત મોહ સઘળો વિસરાવી, દીવ્ય જ્ઞાન દીલમાં પ્રકટાવી;
પરા ભકિતની પૂરણ મજા ચખાવશે રે. અંતે એજ પ્રભુ૦ ૩

અતી ઉમંગે નિકળી તનથી, દીવ્ય દેહ શોભનાનાદનથી;
અનંત શ્રી વૈકુંઠ વીશેજ સાધાવશે રે. અંતે એજ પ્રભુ૦ ૪

શ્રીહરી.